# કર્મ મીમાંસા

પૂ. મુનીરાજશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબના સદુપદેશથી શ્રી નાડલાઈ જ્ઞાનમંદિર તરફથી પરમપૂજ્ય ગુરૂવર્ય તપસ્વી શ્રી ૧૦૦૮ શ્રી પન્યાસજી શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબના અઢારમા વરસીતપના પારણા નિમિત્તે

ભેટ.


: લેખક :

**માસ્તર ખુબચંદ કેશવલાલ**

પાર્શ્વ જૈન પાઠશાળા—સિરોહી (રાજસ્થાન)

# કર્મ મીમાંસા

લેખક :


માસ્તર ખુમચંદ કેશવલાલ (વાવવાળા)

પાર્શ્વ જૈન પાઠશાળા સિરોહી (રાજસ્થાન)



પ્રકાશક :

બી. પી. સીંઘી

મંત્રી—" શ્રી જ્ઞાન પ્રચારક મંડળ.

સિરોહી (રાજસ્થાન)

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦ વિ. સં. ૨૦૧૨

ભેટ

# નિવેદન

**માસ્તર શ્રીયુત ખુબચંદભાઈ કેશવલાલે** લેખિત "**કર્મ-મીમાંસા**" નામે લેખમાળા શ્રી જૈન સત્ય પ્રકાશ માસિકમાં પ્રગટ થયેલ તે લેખમાળા કર્મ ફીલોસોફીના જિજ્ઞાસુઓને અતીવ મનનીય હોઈ ચાલુ સાલે અત્રે (સિરોહીમાં) ચાતુર્માસ બીરાજમાન પૂ૦ પન્યાસજી શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબ તથા મુનીરાજ **શ્રી ભાનુવિજયજી** મહારાજ સાહેબે તેનું પુસ્તક છપાવવા અમને પ્રેરણા કરી. અને તે છપાય તો ઉક્ત મુનીરાજોના સદુપદેશથી શ્રી **નાડલાઇ જ્ઞાનમંદિરના** કાર્યવાહકે પાંચસો પુસ્તકના અગાઉથી ગ્રાહક થવાનું કબુલ્યું. તે લેખમાળામાં જરૂરી સુધારો વધારો કરી આપી લેખક મહાશયે છપાવવાની અમને મંજુરી આપતાં આ પુસ્તક અમો પ્રગટ કરીયે છીયે. વાંચકોને કર્મ ફીલોસોફી જેવો કઠીન વિષય પણ આ લઘુ પુસ્તક દ્વારા ઘણીજ સરલ રીતે સમજી શકાશે. તત્ત્વજ્ઞાનના વિષયોનાં સંક્ષેપ લખાણવાળાં આ રીતે પુસ્તક પ્રગટ કરવામાં આવે તો સમ્યગ્જ્ઞાનનો પ્રચાર આપણે અતિ સુંદર રીતે કરી શકીએ. આ પુસ્તકમાં ભગવાન શ્રી જિનેશ્વર દેવ કથિત આગમ વિરુદ્ધ કંઈપણ છપાયું હોય તો ત્રિકરણયોગે મિથ્યાદુષ્કૃત છે. શુદ્ધિમાં બહુજ લક્ષ આપવામાં આવ્યું છે. છતાં પ્રેસદોષથી કંઈપણ અશુદ્ધિ રહેવા પામી હોય તો વાંચકોને સુધારી વાંચવા વિનંતિ છે.

—પ્રકાશક

સ્વર્ગસ્થ–શાસન સમ્રાટ સૂરિચક્ર–ચક્રવર્ત્તિ તપા-
ગચ્છાધિપતિ કદંબગિરિ–કાપરડાદિ અનેક તીર્થોદ્ધારક
બાલ બ્રહ્મચારી આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી

જન્મ : સંવત ૧૯૨૯ ના કાર્તક સુદિ ૧ મહુવા.
દીક્ષા : સંવત ૧૯૪૫ ના જેઠ સુદિ ૭ ભાવનગર.




પન્યાસપદ : સં. ૧૯૬૦ ના માગશર સુદિ ૩ વલ્લભીપુર (વળા)
આચાર્યપદ : સંવત ૧૯૬૪ ભાવનગર.

# વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

સ્વર્ગવાસ : સંવત ૨૦૦૫ ના આસો વદિ ०)) મહુવા.

સ્વર્ગસ્થ શાસનસમ્રાટ સૂરિચક્ર – ચક્રવર્ત્તિ તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન તપસ્વી
શ્રી ૧૦૦૮ શ્રી

જન્મ સં. ૧૯૩૯ના કાર્તક વદ ૧૩ (મારવાડી)
રેલમગરા (ઉદેપુર)



દીક્ષા : સં. ૧૯૬૬ ના ફાગણ સુદિ ૩ રેલમગરા.
પન્યાસપદ : સં ૧૯૯૫ ના ફાગણ સુદિ ૩ શુક્ર
આઉઆ (મારવાડ)

# પન્યાસજી શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબ.

સ્વર્ગસ્થ-શાસન-સમ્રાટ સૂરિચક્ર-ચક્રવર્ત્તિ તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન તપસ્વી પન્યાસ શ્રી ૧૦૦૮ શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબના શિષ્ય મુનિ પુંગવ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી ૧૦૦૮ શ્રી

જન્મ સંવત ૧૯૬૯ ના મહા સુદિ ૫
ધીણોજગામ.



દીક્ષા સંવત ૧૯૮૨ ના માગશર વદી ૧૩
રાજકોટ.

# મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ.

# પૂ૦ પન્યાસજી મહારાજશ્રી રૂપવિજયજી મહારાજ સાહેબનો જીવન પરિચય

શાસન સમ્રાટ સૂરિચક્ર ચક્રવર્તી તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયનેમિ સૂરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન તપસ્વી શ્રી ૧૦૦૮ પન્યાસ શ્રો રૂપવિજયજી મહારાજ સાહેબનો જન્મ સંવત ૧૯૩૯ના કારતક વદી ૧૩ (મારવાડી ના રોજ ઉદેપુર સ્ટેટની અંદર આવેલા રેલ મગરા ગામમાં થયો હતો. તેઓશ્રીમાં બાલ્યવસ્થાથીજ પ્રભુભક્તિ અધિક હતી. સંસારમાં રહ્યા છતાં પણ સંસારિક પ્રપંચોથી તેઓ સદા દૂર રહેતા. તેઓશ્રીનું ચિત્ત વૈરાગ્યવાસિત બન્યું હતું. પરંતુ પિતા–માતા અને અન્ય આત્મજનોના અતિ આગ્રહવશે તેઓને લગ્નગ્રંથિમાં જોડાવું પડ્યું. થોડા દિવસો બાદ માત-પીતા સ્વર્ગે ગયાં. દૈવવશાત્ ધર્મપત્નીનો પણ સ્વર્ગવાસ થવાથી સંયમ ગ્રહણ કરવાની તેમને અનુકુળ તક મળી. અને ઉપરોક્ત ગુરૂ દેવ પાસે સંવત ૧૯૬૬ના ફાગણ સુદી ત્રીજના રોજ શ્રી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. ગુરૂદેવની નિશ્રામાં રહી સારી રીતે શાસ્ત્રાભ્યાસ કર્યો. તપસ્યાનો તો તેમને બહુ જ શોખ હતો. સંવત ૧૯૮૧ થી વરસીતપનો પ્રારંભ કરી સંવત ૧૯૯૭ ના વૈશાખ સુદિ અક્ષયતૃત્તિયા સુધી સોળ વરસ તે તપ એક ધારો ચાલુ રાખી અંતિમ વરસીતપનું પારણું શ્રી હસ્તિનાપુરમાં શ્રી સંઘે કરેલ મોટા મહોત્સવ પૂર્વક કર્યું આ પારણા પ્રસંગે દીલ્હીથી સાતસો માણસોનો સંઘ ઇક્ષુરસથી પારણું કરાવવા હસ્તિનાપુર આવ્યો હતો. તેઓશ્રીએ ગુજરાતથી બંગાલ સુધીનાં સર્વ તીર્થોની યાત્રા કરી પૂજ્યશાસન સમ્રાટ ગુરૂવર્યની સ્મૃત્તિરૂપે ગોડવાડ (મારવાડ)ની પંચતીર્થિમાં આવેલ

નાડલાઈ ગ્રામે સંવત ૨૦૦૭માં શ્રી જ્ઞાનમંદિરની સ્થાપના કરાવી. અને તેમાં અનેકવિધ શાસ્ત્રગ્રંથો સંગ્રહિત કરાવ્યા. સત્તરમો વરસીતપ તેઓશ્રીએ સંવત ૨૦૧૦ની સાલમાં કર્યો. તેનું પારણું નાડલાઈમાં કર્યું. તે સમયે નાડલાઈ નિવાસી શેઠ મુલચંદજી ફોજમલજીએ અઠ્ઠાઈ-મહોત્સવ કરી પારણું કરાવ્યું હતું. ત્યારબાદ સં. ૨૦૧૧ની સાલ ખાલી જવા દઈ પુનઃઅઢારમો વરસીતપ સંવત ૨૦૧૨ની સાલમાં કર્યો. આજે પણ તપસ્વી તરીકે તેઓશ્રીનું જીવન ઝળહળી રહ્યું છે. ઇતિ શુભમ્

લિ૦ ભવદીય

**ભાનુવિજય**

# કર્મમીમાંસા

## ધર્મ :—

જગતમાં ધર્મ ધર્મ કરતા તો સૌ ફરે છે. પરંતુ જગતના જીવોએ માની લીધેલા ધર્મો પૈકી કયા ધર્મનું અનુકરણ સત્ય છે તે પહેલું જોવું જોઈએ; ધર્મ માટે આજે અનેક વાદવિવાદ સંભળાય છે. આવા વાદ-વિવાદ દુન્યવી પદાર્થો માટે સંભવતા નથી; કારણ કે જે વિષયો ઇન્દ્રિય ગમ્ય છે તેની સત્યતા ઉપર આવવું એ એક ક્ષણનું જ કાર્ય છે. અને જેઓ એવી સત્યતાનો ઇન્કાર કરવા નીકળે છે તેમના પક્ષનો જ સૌ કોઈ ત્યાગ કરી દે છે. હવે વિચાર કરો કે સુગંધ, દુર્ગંધ, કડવાશ, મિઠાશ ઇત્યાદિ વસ્તુઓ પરત્વે જેવો વાદ નથી તેના કરતાં ઘણો જ ભવ્ય અને ઘણો જ ગંભીર વાદ ધર્મના વિષયમાં પ્રવર્તેલો છે, એનું કારણ એજ છે કે ધર્મ એ ઇન્દ્રિયાતીત વસ્તુ છે, અને એથી જ એ સંબંધમાં ભારે ગોટાળા ઉભા થયા છે. જેઓ ધર્મના નામે દુરાચારો– અનાચારો અથવા

તો અપારમાર્થિક વસ્તુઓને પોષી રહ્યા છે તેઓ પણ પોતે જે વસ્તુને માને છે તે અધર્મ છે, એ વસ્તુ ખોટી છે અથવા અયોગ્ય છે એવું માનીને તે વસ્તુને માન્ય રાખતા નથી પરંતુ પોતાની અયોગ્ય માન્યતાઓ અને વિચારો સત્ય છે અને તેજ સનાતન અતીતકાળથી ચાલી આવેલો અને સત્ય ધર્મ છે એમ જ તેઓ માને છે.

પોતાનો સંપ્રદાય અથવા ધર્મ ભૂલ વાળો છે એમ સમજીને તેને કોઈ અનુસરતું જ નથી, પરંતુ અજ્ઞાનતાથી આત્માઓ ઠગાય છે. અને અજ્ઞાનતાથી જ અસત્યને સત્ય માનીને તેની સેવા કરવા માટે દોરાય છે. અજ્ઞાનથી આત્મા-ઓ સત્યને અસત્ય અને અસત્યને સત્ય માને છે અને તે પછી પોતે કરેલા નિર્ણયને વળગી રહેવાનો આગ્રહ રાખે છે. સામાન્ય વ્યવહારમાં અસત્ય નથી ચાલતું ત્યારે દુ-ર્ભાગ્યે ધર્મની બાબતમાં ગાડેગાડાં અસત્ય ચાલ્યું જાય છે. અને ધર્મને નામે જે અસત્ય કહેવાય છે તેને ઘણા લોકો આંખો મીંચીને આનંદ પૂર્વક સ્વીકારી લે છે, એટલું જ નહિ પરંતુ પોતે માની લીધેલા સત્યની ખાતર એક બીજા-નાં ગળાં કાપવા પણ તૈયાર થાય છે. ધર્મએ જો બાહ્ય ઇન્દ્રિયનો વિષય હોત તો તેના સંબંધમાં વિશેષ ઉહાપોહને અવકાશ ન રહ્યો હોત અને અસત્ય તે અસત્ય તરીકે જાહેર થઈ જવા પામ્યું હોત. પરંતુ ઇંદ્રિયગમ્યતાથી દૂર રહેલો ધર્મ પ્રત્યેક મનુષ્ય ઓળખી શકયો નથી, અને તેથી જ આજે જગતમાં સુખ અને શાંતિ સ્થાપવાને બદલે

ધર્મોનો શંભુમેળો થયેલો જ આપણે જોઈએ છીએ. જેથી સત્ય રાહ પર આવવાને બદલે જનતા વધારેને વધારે પ્રમાણમાં કાંટાળો કર્મમાર્ગનો પ્રયાસ કરી રહી છે. જે મહાપુરૂષો ઇન્દ્રિય ગમ્યતાથી વધારે ઊંચા પ્રકારના જ્ઞાનને મેળવી શકયા છે તેજ ધર્મ સંબંધમાં નિશ્ચય જાહેર કરે છે. જેણે એવું જ્ઞાન નથી મેળવ્યું તેવો આત્મા આ સંબંધમાં બેશક આંધળાભીંત જેવો છે.

આપણે ધર્મની ક્રિયાઓ કરીએ, ધર્મ સાંભળીએ; ધર્મસભાઓ ભરીએ, પરિષદ ભરીએ, અનેક ઉત્સવો કરીએ પણ ધર્મતત્ત્વને શુદ્ધ સ્વરૂપમાં જ્યાં સુધી ન જાણી શકીએ ત્યાં સુધી એ સઘળી પ્રવૃત્તિ નિષ્ફળ જ છે. હવે વિચાર કરો કે ધર્મનું આવું મુશ્કેલ તત્ત્વ તે શી રીતે જાણી શકીએ? તે જાણવાની શી જરૂર? કોઈ પણ મનુષ્ય ધર્મને નામે જે કંઈ પ્રવૃત્તિ કરે, તેને આપણે પણ ધર્મ માની, તે અંગે સૂક્ષ્મપણે ઉંડા ઉતર્યા વીના આપણે પણ જોડાઈ જઈએ તો શું વાંધો? ગમે તેમ પણ કહેવાય તો છે ધર્મ; પછી તે અંગે વધુ વિચારવાની શી જરૂર?

પરંતુ આવી માન્યતા સેવવી તે મૂર્ખાઈ છે. જગતમાં સામાન્ય કાર્યો માટે પણ બહુ દીર્ઘદ્રષ્ટિથી વિચારણા કરી, તેનાથી થતો લાભાલાભનો ખ્યાલ લાવી પછી પ્રવૃત્તિ થાય છે. તો પછી ધર્મ જેવા મહાન્ કાર્ય માટે ઉપેક્ષા સેવવી એ વ્યાજબી કેમ ગણાય? ધર્મને નામે માત્ર "ધર્મ" નામ સાંભળી દોરાઈ જઈ, તે પોષક છે કે નાશક છે એ

ખ્યાલમાં ન લઈએ, અને સામાન્ય ધર્મ લઈ જઈએ તો પાછળથી પસ્તાવું પડે છે. આટલા કારણથી ધર્મને જાણવો જોઈએ.

**सूक्ष्मबुद्धया सदाज्ञेयो, धर्मोधर्मार्थिभिर्नरैः !**
**अन्यथा धर्मबुध्यैव, तद्विघातः प्रसज्यते ॥**

અર્થાત્ બારીક બુદ્ધિનો ઉપયોગ કરવો, તે દ્વારાએ ધર્મના અર્થીઓએ ધર્મ જાણવો જોઈએ. નહિતર બુદ્ધિ ધર્મની જ હોય, પોતે ધારે કે હું ધર્મ કરૂં છું છતાં ધર્મનો નાશ થાય છે, અનાદિકાળથી આ જીવ જે રખડે છે, એનું કારણ લક્ષ્ય જ નથી આવ્યું. અનાદિકાળથી લક્ષ્ય ઈષ્ટ વિષયો, તેના સાધનો, અને શરીર પોષણ આ ત્રણની જ દ્રષ્ટિ છે. જ્યાં આ ત્રણ દ્રષ્ટિ હોય ત્યાં ગમે તેવી આચરણાને પણ ધર્મ આચરણા તરીકે ગણી શકાય જ નહિ. આ ત્રણ દ્રષ્ટિએ જીવનું કલ્યાણ થઈ જતું હોય તો આટલા જીવો સંસારમાં રખડત નહિ. જો ઉપરોક્ત ત્રણની જ પ્રવૃત્તિ ધર્મરૂપ હોય તો ધર્મની દુર્લભતા ન હતી. આ જીવને શરીર પૌદ્ગલિક સુખને ધર્મ ગણાવવો હોય તો કોઈને શીખવવો ન પડતો, અને જો તે ધર્મ હોત તો આટલા કાળ સુધી સંસારમાં ભટકવું થાત નહિ.

**આશ્રવ શી ચીજ? કર્મ કેમ બંધાય? અને તૂટે? તે વિષયોનો ખ્યાલ આવ્યો નથી. ધર્મ ચીજ એ છે કે આશ્રવનો આશ્રવપણે અને સંવરનો**

સંવરપણે ખ્યાલ આવવો, અને કર્મ નિર્જરા કરવા આત્માએ કટિબદ્ધ થવું. વિષય કષાયની પ્રવૃત્તિ વહાલી લાગે છે તેને દાવાનલ ગણે અને સઘળા કર્મને જંજેટી નાખવા પ્રયત્ન આદરે તે જ ધર્મની ખરી જડ છે. આ બધું સમજાય અને તેવી સમજણપૂર્વક જે આદરાય તે જ વાસ્તવિક ધર્મ છે.

ધર્મ એક જ પ્રકારનો છે પરંતુ એ જુદા જુદા સાધનો મળવાથી તે જુદા જુદા કાર્યો કરે છે. ધર્મ કરનારાઓમાં ભાવના બે પ્રકારની હોય છે; કેટલાક શુભ વિચારના હોય છે અને કેટલાક શુધ્ધ વિચારના હોય છે. અહિં પરિણામ એ ઉપકરણ છે. ધર્મમાં પરિણામ જો શુભ હોય તો એ ધર્મ પુણ્ય બંધાવી દુનિયાના સુખો આપે છે. અને જો પરિણામ શુદ્ધ હોય તો ધર્મ નિર્જરા કરી મોક્ષનાં સુખો આપે છે. એથી જ ધર્મના બે પ્રકાર કહી શકાય. એક પ્રકાર તે પુણ્યધર્મ અને બીજો પ્રકાર તે જ્ઞાન યોગ ધર્મ. આ જ્ઞાન યોગ ધર્મ તે જ શાશ્વત સુખને દેવાવાળો છે.

તેમ છતાં જ્ઞાનયોગ ધર્મની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પુણ્યધર્મમાં પણ આત્માએ જોડાઈ રહેવું જોઈએ. પૌદ્ગલિક સુખરૂપ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિને માટે પણ ધર્મ ક્રિયામાં જે જોડાયો હશે તે હળવે હળવે પણ ધર્મનું ખરૂં સ્વરૂપ સમજશે અને એમ જાણશે કે વિષયોની દરકાર ન રાખતાં મોક્ષ મેળવવાને માટે જ ધર્મક્રિયાઓ કરવી એ જ સાચો

માર્ગ છે એમ જાણીને તે વિષયોને ધ્યેય તરીકે ત્યાગી દેશે, અને અંતિમ સ્થાન મોક્ષને માટે જ ધર્માનુષ્ઠાન કરવા માંડશે. આવા ઉદ્દેશથી જ જીવો અધર્મ કરતા રહીને પાપ બાંધે તેના કરતાં વિષયસુખોની પ્રાપ્તિને માટે પણ ધર્મ કરીને પુણ્ય બાંધે એ શાસ્ત્રકારો ચ્હાય છે. પણ છેવટ મોક્ષ પ્રાપ્તિરૂપ જ્ઞાનયોગ ધર્મમાં આત્માએ સંયુક્ત થવું જ પડશે તો જ આત્મા શાશ્વત સુખની પ્રાપ્તિ કરી શકશે. એટલે પુણ્યધર્મ પણ છેવટે જ્ઞાનયોગ ધર્મમાં જ પરિણમાવવો જોઇએ.

ધર્મ એ આત્માની માલિકીની ચીજ છે એટલે ધર્મને સમજતાં પહેલાં આપણે આત્માને સમજવાની જરૂર છે. આત્માને સમજવા માટે આત્માના ગુણો સમજવા જોઈએ. આત્માના મુળ ગુણો જોઈએ તો તે જ્ઞાન–દર્શન–ચારિત્ર ઈત્યાદિ છે. આત્માના એ સઘળા ગુણો મેળવવા કરવા યોગ્ય પુરૂષાર્થમાં પોતાની કેટલી ન્યૂનતા છે, તથા તે ગુણોને આવરણનારકર્મ, તે કર્મોનો થતો બંધ, તેનો ઉદય, તેના ઉદયના પરિણામો, કર્મબંધ તોડવાના માર્ગો, આત્મવિકાસના પગથીઆં રૂપ ગુણસ્થાનક સ્વરૂપ, આ બધું સમજવું પડશે. એ સમજાશે ત્યારે જ જ્ઞાનયોગ ધર્મ પરિણમશે. એ રીતે જ્ઞાનયોગ ધર્મના પરિણમનથી જ ધર્મને નામે થતા ઝગડાઓ આપોઆપ શાંત બની જશે અને જગતમાં ચિરસ્થાયી શાંતિ સ્થાપાશે એટલે જગતમાં તમામ જીવોને કલ્યાણનો કોઈ માર્ગ હોય તો માત્ર જ્ઞાનયોગ ધર્મ જ છે.

એ જ્ઞાનયોગ ધર્મ સમજવા માટે આત્મગુણોને

આવરણનાર કર્મનું સ્વરૂપ વિચારવું ખાસ આવશ્યક છે. માટે કર્મ શું છે? કેમ બંધાય? કેમ તૂટે? સર્વથા કર્મના છુટકારાથી કેવી આત્મદશા પ્રગટ થાય એ વગેરે વિષય-અંગે પ્રથમ જૈનેતર દર્શનકારોની માન્યતા અંગે વિચારી પછી જૈનદર્શનની માન્યતા વિચારીએ.

## જૈનેતર દર્શનોની કર્મ અંગે માન્યતાઃ—

સમસ્ત જીવો સંસારમાં વર્તે છે, તેને આત્મત્વપણું સમાન છે. પણ તેમાં કોઈક દેવતા છે, કોઈક તિર્યંચ છે, કોઈક મનુષ્ય છે–એમ નર, નારક, તિર્યંચ અને મનુષ્યરૂપ ભેદે એની વિચિત્રતા છે. વળી મનુષ્યત્વ સર્વ મનુષ્યમાં સમાન છે, છતાં તેમાં કોઇ રાજા છે, કોઇ રંક છે, કોઈક પંડિત છે, કોઈક મૂર્ખ છે, કોઈક મહર્ધિક છે, કોઈક સ્વરૂપવાન છે, કોઈ કુરૂપવાન છે. ઈત્યાદિ જે વિચિત્રપણું છે તે નિર્હેતુક નથી પણ હેતુ સહિત જ છે. તે હેતુને કર્મ કહે છે.

પૃથ્વીના બધા ભાગોમાં બધા દર્શનકારોએ પોતાની પ્રરૂપણામાં કર્મવાદ સ્વીકાર્યો છે, પરંતુ ભારતીય દર્શનોમાં તેનું સ્થાન વિશેષપણે છે. ભારતીય દર્શનોમાં અન્ય વિષયો અંગે અનેક વિધ ભિન્નતા અને વિરૂદ્ધતા હોવા છતાં કર્મ-વાદ વિષે બધા પ્રાયઃ એકમત છે. અર્થાત્ મનુષ્ય જે કાંઈ વાવે એનાં જ ફળ એ મેળવે એ સંબંધે ભારતીય દર્શનો પૈકી કોઈનો વિરોધ નથી. એક વેદપંથી કવિ શિહલન મિશ્ર કહે છે કેઃ—

आकाश मुत्पततु गच्छतु वा-दिगन्त, मम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेष्टम;
जन्मान्तरार्जितशुभाशुभकृन्नराणां, छायेव न त्यजति कर्म फलानु बन्धि ॥

આકાશમાં ઉડી જાઓ, દિશાઓની પેલી પાર જાઓ, દરીયાના તળીયે જઈને બેસો, મરજીમાં આવે ત્યાં જાઓ પણ જન્માંતરમાં જે શુભાશુભ કર્મ કર્યાં હોય છે તેનાં ફળ તો છાયાની જેમ તમારી પાછળ જ આવવાનાં. એ તમારો ત્યાગ નહિં કરે.

દાર્શનિકોએ કર્મના પ્રકાર વિવિધ રીતે કર્યા છે. પણ પુણ્ય-પાપ, શુભ-અશુભ, ધર્મ-અધર્મ એ રીતે કર્મના ભેદો તો બધાં દર્શનોમાં માન્યા છે. એટલે એમ કહી શકાય કે કર્મના પુણ્ય-પાપ અથવા તો શુભ-અશુભ એવા જે બે ભેદો પાડવામાં આવે છે એ પ્રાચિન છે. પ્રાણીને જે કર્મનું ફળ અનુકૂળ જણાય છે તે પુણ્ય અને પ્રતિકૂળ જણાય છે તે પાપ, એવો અર્થ કરવામાં આવે છે અને એ રીતના ભેદો ઊપનિષદ, જૈન, સાંખ્ય, બૌધ્ધ, યોગ, ન્યાય, વૈશેષિક એ બધામાં મળે છે. આમ છતાં વસ્તુતઃ બધાં દર્શનોએ પુણ્ય હોય કે પાપ એ બન્ને કર્મને બંધન જ માન્યાં છે અને એ બન્નેથી છુટકારો પ્રાપ્ત કરવો એ ધ્યેય સ્વીકાર્યું છે. આથી જ કર્મ જન્ય જે અનુકૂલ વેદના છે તેને પણ વિવેકીજનો સુખ નહિ પણ દુઃખ જ માને

છે. કર્મના પુણ્ય–પાપરૂપે બે ભેદ એ વેદનાની દ્રષ્ટિએ કરવામાં આવે છે, વેદના સિવાયની અન્ય દ્રષ્ટિએ પણ કર્મના પ્રકારો કરવામાં આવે છે. વેદનાને નહિ પણ અન્ય કર્મને સારૂં નરસું માનવાની દ્રષ્ટિને સામે રાખી બૌદ્ધ અને યોગ દર્શનમાં કૃષ્ણ, શુકલ, શુકલકૃષ્ણ અને અશુકલાકૃષ્ણ એવા પણ ચાર પ્રકાર કરવામાં આવે છે. આમાંયે કૃષ્ણ એ પાપ, શુકલ એ પુણ્ય; શુકલકૃષ્ણ એ પુણ્ય–પાપનું મિશ્રણ છે, પરંતુ " અશુકલાકૃષ્ણ " એ બેમાંથી એકેય નથી. આ ચોથો પ્રકાર વીતરાગ પુરૂષને હોય છે, અને તેનો વિપાક સુખ કે દુઃખ કશું જ નથી. કારણ કે તેમનામાં રાગ કે દ્વેષ હોતા નથી. આ ઉપરાંત કર્મના ભેદો કૃત્ય–પાકદાન અને પાકકાલની દ્રષ્ટિએ પણ કરવામાં આવે છે. કૃત્યની દ્રષ્ટિએ ચાર, પાક દાનની દ્રષ્ટિએ ચાર અને પાક કાલની દ્રષ્ટિએ ચાર એમ બાર પ્રકારના કર્મનું વર્ણન બૌદ્ધોના " અભિધર્મ " માં અને વિશુદ્ધિ માર્ગમાં સામાન્ય છે. વળી અભિધર્મમાં પાકસ્થાનની દ્રષ્ટિએ પણ કર્મના ચાર ભેદ અધિક ગણાવ્યા છે. બૌદ્ધોની જેમ પ્રકારની ગણતરી તો નહિ પણ તે તે દ્રષ્ટિએ કર્મોનો સામાન્ય વિચાર "યોગ દર્શન"માં પણ મળે છે. બૌદ્ધોને મતે કૃત્યે કરીને કર્મના જે ચાર ભેદ કરવામાં આવ્યા છે તેમાં એક જનક કર્મ છે અને બીજું તેનું ઉત્થંભક છે જનક કર્મ તે નવા જન્મને ઉત્પન્ન કરીને વિપાક આપે છે, પણ ઉત્થંભક વિપાક આપતું નથી પણ બીજાના વિપાકમાં અનુકુળ બની જાય છે-

ત્રીજું ઉપપીઠક છે જે બીજા કર્મના વિપાકમાં બાધક બની જાય છે. અને ચોથું ઉપઘાતક તો અન્ય કર્મના વિપાકનો ઘાત કરીને પોતાનો જ વિપાક દર્શાવે છે.

પાક દાનના ક્રમને લક્ષીને બૌદ્ધમાં જે પ્રકાર કરવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે. ગરૂક–બહુલ અથવા આચિણ્ણુ આસન્ન અને અભ્યસ્ત. આમાં ગરૂક અને બહુલ એ બીજાના વિપાકને રોકીને પ્રથમ પોતાનું ફળ આપી દે છે. આસન્ન એટલે કે મરણુકાળે કરાયેલ. તે પણુ પૂર્વકર્મ કરતાં પોતાનું ફળ પ્રથમ જ આપી દે છે. પહેલાંનાં ગમે તેટલાં કર્મ હોય પણુ મરણુકાળ સમયનું જે કર્મ હોય છે તેને આધારે જ નવો જન્મ શીઘ્ર પ્રાપ્ત થાય છે. ઉક્ત ત્રણેના અભાવમાં જ અભ્યસ્ત કર્મફળ આપી શકે છે એવો નિયમ છે. પાક કાળની દ્રષ્ટિએ બૌદ્ધોએ કર્મના જે ચાર ભેદ કર્યા છે તે આ પ્રમાણેઃ—

૧ દ્રષ્ટિ ધર્મ વેદનીય—વિદ્યમાન જન્મમાં જેનો વિપાક મળી જાય.

૨ ઉપજ્જ વેદનીય—જેનું ફળ નવો જન્મ લઇ ને મળે છે તે.

૩ અહોકર્મ—જે કર્મનો વિપાક જ ન હોય.

૪ અપરાપરવેદનીય—અનેક ભવોમાં જેનો વિપાક મળે તે.

પાક સ્થાનની દ્રષ્ટિએ પણુ બૌદ્ધોએ કર્મના ચાર ભેદ

કહ્યા છે. અકુશલનો વિપાક નરકમાં, કામાવચર કુશલ કર્મનો વિપાક કામ સુગતિમાં, રૂપાવચર કુશલ કર્મનો વિપાક રૂપી બ્રહ્મલોકમાં અને અરૂપા વચર કુશલ કર્મનો વિપાક અરૂપ લોકમાં મળે છે. બૌદ્ધોએ કુશલ કર્મને અકુશલ કર્મ કરતાં બળવાન માન્યું છે. આ લોકમાં પાપીને અનેક પ્રકારની સજાથી દુઃખ ભોગવવાં પડે છે અને પુણ્યશાલીને તેના પુણ્ય કૃત્યનું ફળ ઘણી વાર આજ લોકમાં મળતું નથી. તેનું કારણ જણાવ્યું છે કે પાપ એ પરિમિત છે તેથી તેનો વિપાક શીઘ્ર પતી જાય છે, પણ કુશલ એ વિપુલ હોવાથી તેનો પરિપાક લાંબા કાળે થાય છે. વળી કુશલ અને અકુશલ એ બન્નેનું ફળ પરલોકમાં મળે છતાં અકુશલ વધારે સાવદ્ય છે, તેથી તેનું ફળ અહીં પણ મળી જાય છે. પાપ કરતાં પુણ્ય બહુતર શા માટે છે તેનો ખુલાસો પણ કરવામા આવ્યો છે કે પાપ કરીને મનુષ્યને પસ્તાવો થાય છે કે અરે ! મેં પાપ કર્યું, તેથી તેની વૃદ્ધિ થતી નથી, પણ સારૂં કર્મ કરીને મનુષ્યને પસ્તાવો નહિ થતાં પ્રમોદ થાય છે તેનું પુણ્ય ઉત્તરોત્તર વૃદ્ધિને પામે છે.

બૌદ્ધ ધર્મમાં માનવામાં આવ્યું છે કે જીવોની જે વિચિત્રતા છે તે કર્મકૃત છે. એ કર્મની ઉત્પત્તિમાં કારણ જૈનોની જેમ બૌદ્ધોએ પણ રાગ–દ્વેષ અને મોહને માન્યાં છે. રાગદ્વેષ–મોહ યુક્ત થઈ ને પ્રાણી મન–વચન–કાયાની પ્રવૃત્તિ કરે છે, અને એ પ્રમાણે સંસારચક્ર પ્રવર્તમાન થાય છે. એ ચક્રની આદિ નથી પણ તે અનાદિ છે.

'વિશુદ્ધિમગ્ગ' માં કર્મને અરૂપી કહેવામાં આવ્યાં છે, પણ 'અભિ ધર્મકોષ' માં અવિજ્ઞપ્તિને રૂપ કહ્યું છે, અને રૂપ સપ્રતિઘ છે. સૌત્રાન્તિક મતે કર્મનો સમાવેશ અરૂપમાં છે, તેઓ અવિજ્ઞપ્તિને નથી માનતા. મન-વચન-કાયાની પ્રવૃત્તિ-ને પણ કર્મ કહેવાય છે, પણ તે તો વિજ્ઞપ્તિરૂપ પ્રત્યક્ષ છે, એટલે કર્મ શબ્દ અહીં માત્ર પ્રત્યક્ષ પ્રવૃત્તિ અર્થમાં લેવાનો છે, પણ એ પ્રત્યક્ષ કર્મજન્ય સંસ્કારને અહીં કર્મ સમજવાનું છે. બૌદ્ધોની પરિભાષામાં તેને વાસના અને અવિજ્ઞપ્તિ કહે-વામાં આવે છે. માનસિક ક્રિયાજન્ય સંસ્કારને-કર્મને વાસના અને વચન તથા કાયજન્ય જે સંસ્કાર-કર્મ છે તેને અવિજ્ઞપ્તિ કહેવામાં આવે છે. એટલે વિજ્ઞાનવાદી બૌદ્ધોએ કર્મને "વાસના" શબ્દથી ઓળખાવ્યું છે. પ્રજ્ઞાકરે જણા-વ્યું છે કે જેટલાં કાર્યો છે તે બધાં વાસના જન્ય છે. વિશ્વ-નું વૈચિત્ર્ય ઘટાવવું હોય તો વાસનાને માન્યા વિના ચાલતું નથી.

**યોગદર્શનાનુસાર**—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ એ પાંચ ક્લેશ છે. એ પાંચ ક્લેશને કારણે ક્લિષ્ટ વૃત્તિ-ચિત્તવ્યાપાર થાય છે, અને તેથી ધર્મ-અધ-ર્મરૂપ સંસ્કાર ઉત્પન્ન થાય છે. સંસ્કારને વાસના, કર્મ, અને અપૂર્વ એવાં પણ નામ 'યોગ દર્શન'માં આપવામાં આવ્યાં છે. ક્લેશ અને કર્મનો અનાદિ કાર્ય-કારણભાવ બીજાંકુરની જેમ જ માનવામાં આવ્યો છે, ક્લેશ-ક્લિષ્ટ-વૃત્તિ અને સંસ્કાર એ બધંનો સંબંધ યોગ દર્શનની

પ્રક્રિયા પ્રમાણે આત્મા સાથે નહિ પણ ચિત્ત–અંતઃકરણ સાથે છે અને તે અંતઃકરણ એ પ્રકૃત્તિનો વિકાર–પરિણામ છે.

કર્મનો વિપાક 'યોગ દર્શન'માં ત્રણ પ્રકારનો બતાવ્યો છે. જાતિ, આયુ અને ભોગ. વળી યોગ દર્શનમાં કર્માશય અને વાસનાનો ભેદ કર્યો છે. એક જન્મમાં સંચિત જે કર્મ તે કર્માશય નામે ઓળખાય છે, અને અનેક જન્મના કર્મોના સંસ્કારની જે પરંપરા છે તે વાસના કહેવાય છે. કર્માશયનો વિપાક અદ્રષ્ટ જન્મ વેદનીય અને દ્રષ્ટ જન્મ વેદનીય એમ બે પ્રકારે સંભવે છે. અર્થાત્ પર જન્મમાં જેનો વિપાક મળે છે તે અદ્રષ્ટ જન્મ વેદનીય અને આ જન્મમાં જેનો વિપાક મળે છે તે દ્રષ્ટ જન્મ વેદનીય. અદ્રષ્ટ જન્મ વેદનીયનું ફળ નવો જન્મ, તે જન્મનું આયુ, અને તે જન્મનાભોગો એ ત્રણે છે. દ્રષ્ટ જન્મ વેદનીય કર્માશયનો વિપાક આયુ અને ભોગ અથવા તો માત્રભોગ છે, પણ જન્મ નથી.

વાસનાનો વિપાક તો અસંખ્ય જન્મ આયુ અને ભોગોને માનવામાં આવ્યાં છે, કારણ કે વાસનાની પરંપરા તો અનાદિ છે. વળી અહીંયાં શુક્લકર્મને કૃષ્ણ કર્મ કરતાં બળવાન માનવામાં આવ્યું છે, અને કહ્યું છે કે શુક્લ કર્મનો ઉદય હોય ત્યારે કૃષ્ણ કર્મોનો નાશ ફળ દીધા વિના થઈ જાય છે. સાંખ્ય દર્શનની માન્યતા પણ યોગ દર્શન જેવી છે. નૈયાયિકોએ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષ સ્વીકાર્યા છે. એ ત્રણ દોષથી પ્રેરિત થઈને

જીવની મન, વચન, કાયની પ્રવૃત્તિ થાય છે. અને એ પ્રવૃત્તિથી ધર્મ અને અધર્મની ઉત્પત્તિ થાય છે. ધર્મ અને અધર્મને નૈયાયિકોએ 'સંસ્કાર' અથવા તો 'અદ્રષ્ટ' એવું નામ આપ્યું છે કે જે જૈનમતમાં પૌદ્‌ગલિક કર્મ અથવા તો દ્રવ્ય કર્મ કહેવાય છે.

વૈશેષિક દર્શનની માન્યતા પણ નૈયાયિકોને જ મળતી છે. પ્રશસ્ત પાદે જે ૨૪ ગુણો ગણાવ્યા છે તેમાં એક અદ્રષ્ટ નામનો ગુણ પણ ગણાવ્યો છે. જો કે એ ગુણ સંસ્કાર નામના ગુણથી ભિન્ન જ ગણાવ્યો છે, પણ તેના જે ધર્મ અને અધર્મ એવા બે ભેદ કર્યા છે તે ઉપરથી જણાય છે કે પ્રશસ્તપાદ ધર્માધર્મને સંસ્કાર શબ્દથી નહિ પણ અદ્રષ્ટ શબ્દથી ઓળખાવે છે. આ માન્યતા ભેદ નહિ પણ માત્ર નામભેદ છે એમ સમજવું જોઈએ. કારણ કે જેમ ધર્મ અધર્મરૂપ સંસ્કાર એ નૈયાયિકમતે આત્માનો ગુણ છે તેમ વૈશેષિકમતે અદ્રષ્ટને પણ આત્મગુણ જ કહ્યો છે આ ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ દોષથી સંસ્કાર અને સંસ્કારથી જન્મ અને જન્મથી દોષ અને પાછા દોષથી સંસ્કાર અને જન્મ–આ પરંપરા અનાદિકાળથી જ બીજાંકુરની જેમ માનવામાં આવી છે. કર્મની સાથે કર્મફળનો સંબંધ શી રીતે જોડાયો એ પ્રશ્ન ન્યાય દર્શનકારને જરૂર ઉદ્‌ભવ્યો હતો. કર્મ પુરૂષકૃત છે એ વાતની એમને જાણ હતી. કર્મનું ફળ હોવું જોઈએ એની ગૌતમે ના નથી પાડી, પણ ઘણીવાર પુરૂષકૃત કર્મ નિષ્ફળ જતાં હોય એમ પણ

એમને લાગેલું. અહીં એક મુંઝવણ ઉભી થઈ. પુરૂષકૃત કર્મ પોતે ફળ શી રીતે આપી શકે એવો ગૌતમના મનમાં સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન ઉદ્દભવ્યો. કર્મની સાથે કર્મ ફળનો ઘણીવાર સંબંધ નથી દેખાતો તેનું સમાધાન કરવા જતાં એમણે કર્મ અને કર્મફળની વચ્ચે કર્મથી જુદું જ એક કારણ ઉમેર્યું. તેમને કહેવું પડ્યું કેઃ—

' કર્મના ફળમાં ઈશ્વર જ કારણ છે. પુરૂષકૃત કર્મ ઘણીવાર નિષ્ફળ જતાં જણાય છે. પુરૂષ કૃત કર્મના અભાવે કર્મના ફળની ઉત્પત્તિ સંભવતી નથી, એટલે કર્મ જ ફલના કારણરૂપ છે એમ જો કોઈ કહેતો એ બરાબર નથી. કર્મફળનો ઉદય ઈશ્વરને આભારી છે. એટલા સારૂ ફળનું એક માત્ર કારણ કર્મ જ છે એમ કહી શકાય નહિ." ગૌતમ સમ્મત કર્મવાદ સંબંધે આટલું સમજી શકાય છે કે કર્મફળ એ પુરૂષકૃત કર્મને આધીન છે એ વાત તે સ્વીકારે છે. પણ કર્મ જ કર્મફળનું એક માત્ર અને અદ્વીતિય કારણ છે એ વાત એમને મંજુર નથી. એમની કહેવાની મતલબ એ છે કે, જો કર્મફળ એકમાત્ર કર્મને જ આધીન હોય તો પછી પ્રત્યેક કર્મ ફળવાળું દેખાવું જોઈએ. કર્મફળ એ કર્મને આધીન છે એ વાત બરાબર છે પરંતુ કર્મના ફળનો અભ્યુદય કર્મને એકલાને આભારી નથી. 'પુરૂષ કૃત કર્મ ઘણીવાર નિષ્ફળ નીવડતું દેખાય છે. આ પરથી એવું સિદ્ધ યાય છે કે કર્મફળના વિષયમાં એક કર્મફળ નિયંતા ઈશ્વર પણ છે. નૈયાયિકો અહીં વૃક્ષ અને બીજનો દાખલો રજુ કરે કરે છે. વૃક્ષ બીજને આધીન છે એ વાત કબુલ રાખીએ,

પરંતુ વૃક્ષની ઉત્પત્તિ એકલા બીજની અપેક્ષા નથી રાખતી; હવા પાણી, પ્રકાશ વગેરેની જરૂર રહે છે. કર્મ ફળની બાબતમાં પણ એજ પ્રમાણે ઈશ્વરની જરૂર રહે છે. ન્યાય દર્શનનો મૂળ અભિપ્રાય એ છે કે ઈશ્વર કર્મથી જુદો છે પણ કર્મની સાથે ફળની યોજના કરી દે છે.

પરંતુ ઈશ્વર આવી બાબતમાં માથું મારે એ વાત ઘણા દાર્શનિકોને પસંદ નથી એટલે તેઓ તેનો અસ્વીકાર કરે છે. પ્રાચિન ન્યાયમાં કર્મ અને કર્મફળવાદની યુકિત ઉપર જ ઈશ્વરનું અસ્તિત્ત્વ આધાર રાખી રહ્યું છે. નવા નૈયાયિકો એ યુક્તિ વિષે બહુ આસ્થા નથી રાખતા. કર્મની સાથે ફળને જોડવા સારૂં ઈશ્વરનો સ્વીકાર કરવો તેને બદલે ફળને સંપૂર્ણ કર્માધીન માનવું, અર્થાત્ કર્મ પોતે જ પોતાનાં ફળ ઉપજાવે છે એ નિર્ણય માનવો વધારે ઠીક લાગે છે. બૌધ્ધ દાર્શનિકો એજ અભિમત ઉચ્ચારે છે, એટલે બૌદ્ધો પણ કહે છે કે કર્મને લીધે સંસારનો પ્રવાહ ધપે છે. ફળના સંબંધમાં કર્મ સંપૂર્ણ સ્વાધીન છે. ઈશ્વરની કે બીજા કોઈની દખલગીરીની જરૂર નથી. ફળની બાબતમાં જૈનદર્શન પણ કહે છે કે કર્મ સંપૂર્ણ સ્વાધીન છે, વચમાં ઈશ્વરની કંઈ જરૂર નથી. પુરૂષકૃત કર્મ કોઈવાર અફળ જતું જણાય તો પણ વચ્ચે ઈશ્વરને સંડોવવાની જરૂર નથી. કારણ કે કર્મનું ફળ તો અવશ્ય મળવાનું જ છે, ફળમાં કદાચ થોડી વધારે પણ વાર લાગે, પરંતુ કર્મનું ફળ ન મળે એવું તો કદાપી ન બને. વખતે પાપી માણસ પણ સુખી દેખાય

અને સારો માણસ દુઃખી દેખાય, પરંતુ એટલા ઉપરથી કર્મનાં ફળ મળતાં જ નથી એમ સિદ્ધ થતું નથી. કેટલીક વખત હિંસક મનુષ્યને સમૃદ્ધિવંત અને ધર્મિષ્ઠ માણસને દરિદ્રી જોવામાં આવે છે તે અનુક્રમે પૂર્વે કરેલા પાપાનુંબંધી પુણ્ય કર્મ અને પુણ્યાનુંબંધી પાપ કર્મને આભારી છે. હિંસા અને ધર્મિષ્ઠતા એ કોઈ કાળે નિષ્ફળ નહીં નિવડે. જન્માંતરે પણ એ કર્મનાં ફળ ભોગવવાનાં જ રહે છે. એટલે કે કર્મ અને કર્મફળની વચ્ચે કાર્ય–કારણ ભાવનો કોઈ પ્રકારનો વ્યભિચાર નથી. માટે ફળ ઉપજાવવા માટે વચમાં કર્મફળ નિયંતા ઈશ્વરને કંઈ સ્થાન નથી.

હવે મીમાંસકોએ યાગાદિ કર્મજન્ય એક 'અપૂર્વ' નામનો પદાર્થ સ્વીકાર્યો છે. તેમની દલીલ એવી છે કે મનુષ્ય જે કાંઈ અનુષ્ઠાન કરે છે તે તો ક્રિયારૂપ હોવાથી ક્ષણિક હોય છે એટલે તે અનુષ્ઠાનથી 'અપૂર્વ' નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે, જે યાગાદિકર્મ–અનુષ્ઠાનનું ફળ આપે છે. એ અપૂર્વ પદાર્થની વ્યાખ્યા કુમારિલે કરી છે કે અપૂર્વ એટલે યોગ્યતા. યાગાદિ કર્મનું અનુષ્ઠાન કરવામાં ન આવે ત્યાંસુધી તે યાગાદિ કર્મ અને પુરૂષ એ બંને સ્વર્ગરૂપ ફળ ઉત્પન્ન કરવા માટે અસમર્થ–અયોગ્ય હોય છે, પણ અનુષ્ઠાન પછી એક એવી યોગ્યતા ઉત્પન્ન થાય છે કે જેથી કર્તાને સ્વર્ગફળ મળે છે. એ યોગ્યતા પુરૂષની માનવી કે યજ્ઞની એ વિષે આગ્રહ કરવો નહિ પણ તે ઉત્પન્ન થાય છે એટલું પર્યાપ્ત છે.

બીજાં દાર્શનિકો જેને સંસ્કાર, યોગ્યતા, સામર્થ્ય, શક્તિ કહે છે તેને માટે જ મીમાંસકોએ 'અપૂર્વ' શબ્દનો પ્રયોગ કર્યો છે; છતાં તેમનું માનવું છે કે વેદવિહિત કર્મજન્ય જે સંસ્કાર કે શક્તિ ઉત્પન્ન થાય છે તેને માટે જ 'અપૂર્વ' શબ્દનો પ્રયોગ કરવો, અન્યકર્મ જન્ય સંસ્કાર માટે નહિ. અપૂર્વ કે શક્તિનો આશ્રય આત્મા છે એમ મીમાંસકો માને છે, અને આત્માની જેમ અપૂર્વને પણ અમૂર્ત્ત માને છે. વળી અમૂર્ત્ત–એ મીમાંસકોને મતે સ્વતંત્ર પદાર્થ છે.

આ પ્રમાણે જૈનેતર દર્શનોમાં દર્શાવેલ કર્મના અસ્તિત્વ અંગેની વિચારણા ઉપર મુજબ કરી છે. આથી કોઈપણ મનુષ્યને કર્મનું અસ્તિત્ત્વ માન્યા વિના ચાલે એમ નથી. કર્મના અસ્તિત્ત્વ વિષે શંકા ધરાવતા વર્ગને પણ તેમના જીવનમાં કેટલીક વખતે ઇચ્છિત ધારણાઓ અનેક વિધ પ્રયત્નો કરવા છતાંય જ્યારે વિપરીતપણું પામે છે ત્યારે યેન કેન પ્રકારે પણ તેમના હૃદયમાં કર્મ અંગેની શ્રદ્ધા જરૂર ઉદ્‌ભવે છે. જીવ અને કર્મના સંબંધને લીધે જ બંધ–વિશ્વ–પ્રપંચ છે, અને તેમના વિયોગને લીધેજ જીવનો મોક્ષ છે. બંધની તરતમતાને આધારે જ દેવ–નારકની કલ્પના છે, પુણ્ય–પાપની કલ્પના છે; અને આ ભવનું પરભવ સાથે સાદ્રશ્ય છે કે નહિ એ શંકાનો આધાર પણ જીવ–કર્મનો સંબંધ જ છે. સંક્ષેપમાં સંસાર અને મોક્ષની કલ્પના પણ જીવ અને કર્મની કલ્પના ઉપર જ આધાર

રાખે છે. જગતમાં જીવ અને જડ એ એનું તોફાન છે. જડની સંગતિથી આત્મા દુ:ખી થઈ રહ્યો છે. એ સંગતિ ટાળવા માટે આત્મા અને કર્મની ઓળખાણ કરવી આવશ્યક છે. એ ઓળખાણ કરવા પહેલાં તેના અસ્તિત્ત્વની શ્રદ્ધા પહેલી પ્રગટ થવી જોઈએ. કર્મની સત્તા ઘણી પ્રબળ છે, કોઇનું ત્યાં ચાલી શકતું નથી. આ કર્મ શું છે અને કર્મની સાથે કર્મફળનો સંબંધ શું છે તે અહીં ટુંકામાં બતાવવાનો ઉદ્દેશ છે. કર્મના અસ્તિત્ત્વ અંગે તો પૂર્વોક્ત દરેક દર્શનોમાં જે વ્યાખ્યાન છે તે જોતાં માલમ પડશે કે—સંસ્કાર, વાસના, અવિજ્ઞપ્તિ, માયા, અપૂર્વ, કર્મ એવાં નામો પૈકી કોઈપણ નામે કર્મનું માનવાપણું તો દરેકમાં છે, કર્મ તે પુદ્ગલ દ્રવ્ય છે કે ગુણ છે કે ધર્મ છે કે બીજું કંઈ સ્વતંત્ર દ્રવ્ય છે એ બાબતમાં દાર્શનિકોમાં વિવાદ છતાં વસ્તુગત ખાસ વિવાદ નથી એતો સ્પષ્ટ જણાઈ આવે છે. આમ છતાં તેના અસ્તિત્ત્વ અંગે અશ્રદ્ધા રાખનાર આત્માએ પોતાનું દુર્ભાગ્ય જ ગણવું જોઈએ.

જ્યાંસુધી આત્માને એક સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનવામાં ન આવે ત્યાંસુધી આ લોક સિવાયના પરલોકમાં તેના ગમનની માન્યતા કે તેના કારણ પુણ્ય–પાપરૂપ કર્મની માન્યતાને અવકાશ નથી રહેતો પણ જ્યારે આત્માને સત્ય તત્ત્વરૂપે સ્વીકારવામાં આવે ત્યારે જ એ બધા પ્રશ્નોનો વિચાર કરવાનું સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. આમ હોવાથી જ આત્મવાદ અને કર્મવાદ અંગે અતિ વિસ્તૃતપણે સૂક્ષ્મ

રીતે વિચાર કરવામાં આવે ત્યારે જ અનાદિકાળથી ચાલ્યા આવતા આત્મા અને કર્મના સંબંધને મુક્તતા પ્રાપ્ત કરવાનો માર્ગ મળશે. કર્મની સાથે કર્મનાં ફળોનો ચોક્કસ સંબંધ છે અને ભૂતકાળના સંચિત કર્મ વર્ગણાના પ્રતાપેજ જીવ વર્તમાન અવસ્થા ભોગવે છે એ વાત બધાં દર્શનોને માન્ય છે, પણ રીતસર એનો વિચાર કોઈએ કર્યો નથી. આથી કર્મવાદની જે પ્રકારની વ્યવસ્થા જૈનોના ગ્રંથમાં મળે છે તે પ્રકારની વિસ્તૃત વ્યવસ્થા અન્યત્ર દુર્લભ છે. કર્મની વિવિધતા અને તેનું વિસ્તૃત વર્ણન પ્રાચીન કાળથી જૈન પરંપરામાં અતિ સુંદરપણે આલેખેલું છે. કર્મની સ્થિતિ, અને કર્મના પુદ્ગલો કેમ ભોગવાય? બંધાય? કેમ છૂટે તેનું સર્વાંગ પૂર્ણ તત્ત્વજ્ઞાન માત્ર જૈન દર્શનમાં જ છે. જૈન દર્શનના શાસ્ત્રોમાં કર્મોના ભેદ, તેનું સ્વરૂપ, તેના આઠ કરણો વિગેરે સવિસ્તર બતાવેલું હોવાથી જૈન દર્શન કથિત કર્મ સ્વરૂપ જાણવું અતિ આવશ્યક છે.

## જૈનદર્શનની કર્મ અંગે માન્યતા

ભારતનાં બીજાં બધાં દર્શનોનો એવો મત છે કે કર્મ એ અદ્રષ્ટ શક્તિ છે કે જેને પરિણામે વ્યક્તિની અને પ્રારબ્ધની વિવિધતા અસ્પષ્ટ પણ સ્વાભાવિક રીતે પ્રગટ થાય છે, અને એ રીતે એનું જીવન નક્કી થાય છે. પણ જૈનદર્શન કર્મને જુદી રીતે સમજાવે છે. એ તો એમ કહે છે કે જે પુદ્ગલાસ્તિકાય આત્મામાં પ્રવેશીને દ્રષ્ટ રીતે જે અસર કરે છે તેજ કર્મ છે.

આ પુદ્‌ગલાસ્તિકાય તે શું છે તે સમજવા માટે પ્રથમ જગતનાં બીજો તત્ત્વો વિચાર્યા બાદ કર્મનું સ્વરૂપ સમજવા માટે પુદ્‌ગલોનું સ્વરૂપ વીચારીયે.

જૈન ધર્મના સિદ્ધાન્ત પ્રમાણે જગત શાશ્વત અને નિત્ય છે. વસ્તુગતે નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે. જગતની જુગે જુગે સૃષ્ટિ અને પ્રલય થવાની માન્યતા જૈન સિદ્ધાન્તમાં નથી. જૈન દર્શનતો એમ જ માને છે કે આ વિશાળ પણ છતાંય વિસ્તારમાં સીમાબદ્ધ વિશ્વ અચળ છે. વિવિધ નરકોવાળું અધોજગત્, વિવિધ સ્વર્ગોવાળું તથા નિર્વાણ પામેલા આત્માઓના આવાસવાળું ઉર્ધ્વજગત, વિવિધ ખંડ અને સમુદ્રવાળું મધ્ય જગત્, એ સૌના અસ્તિત્વમાં અને વિસ્તારમાં કશો ફેરફાર થતો નથી. જંબુદ્વીપના ભરતખંડમાં આપણે વસીએ છીએ એવા મધ્ય જગતના વિવિધ ખંડોમાં સામાન્ય સંબંધ અને નૈતિક સ્થિતિ વિષે કંઈ કંઈ ફેરફાર બેશક થાય છે, પણ સમસ્તનો વિચાર કરતાં વિશ્વના આ ખંડોની સીમા અચળ છે. એ આમેય ખસતી નથી તેમ તેમેય ખસતી નથી.

વિશ્વનું શાસન કરનાર કોઈ સત્ત્વ નથી. વિશ્વ ઉપર રાજ્ય ચલાવનાર કોઈ દેવનું અસ્તિત્વ માનવાની જૈનદર્શન સાફ ના પાડે છે. જે દેવો સ્વર્ગમાં રહે છે તેઓ તો અશાશ્વત છે. એમની શકિત પરિમિત છે અને મનુષ્ય, તિર્યંચ તથા નરક વાસીઓની પેઠે પોતાના પાછલા ભવમાં પોતે કરેલાં કર્મથી બંધાએલા પ્રારબ્ધને આધીન છે. આજે

એ અલૌકિક સુખ ભોગવે છે, પણ પોતાનાં સારાં નરસાં કર્યાં કર્મનાં ફળ ભોગવવાને એમને ભવિષ્યમાં પાછું આ મધ્ય જગતમાં અવતરવું પડશે. વળી આ જગત માયામાંથી ઉત્પન્ન થયું છે એવી પણ માન્યતા જૈનદર્શનની નથી. એ તો એમ માને છે કે જગત્ સત્ય છે અને તત્ત્વોના મિશ્રણથી એનું સ્વરૂપ બંધાયું છે. અને એ રીતે સમસ્ત વિશ્વનું મિશ્રણ છે.

તત્ત્વોના બે વિભાગ છે, એક જીવ અને બીજો અજીવ. જીવ તત્ત્વો તે અનંત જુદા જુદા જીવો છે. સર્વ જીવો પોતાના વ્યક્તિત્વમાં કેવળ સ્વતંત્ર છે, અને દરેક અજાત છે, અમર છે. દરેક જીવ સ્વભાવથી જ અનંત ગુણ ધરાવે છે; એ સર્વજ્ઞ છે, એ સર્વ શક્તિમાન છે, એ એવો પવિત્ર છે કે મોહ અને દુઃખથી એ પર છે—પણ એ જ્યારે કર્માવરણ દૂર થાય છે ત્યારે જ એના એ બધા ગુણો વિકસે છે.

અજીવ તત્ત્વોના પાંચ પ્રકાર છે. ધર્માસ્તિકાય—અધર્માસ્તિકાય—આકાશાસ્તિકાય—કાળ અને પુદ્ગલાસ્તિકાય.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે તત્ત્વોનો સ્વીકાર જૈનદર્શનમાં છે, બીજાં દર્શનોમાં નથી. એ બે તત્ત્વો તે આકાશમાં છે. તેમના પોતામાં કોઈ ગતિ કે સ્થિતિ નથી, પણ જીવ અને પુદ્ગલની સ્થિતિ તથા ગતિને માટે એમની ખાસ જરૂર માનેલી છે. જેમ કે માછલાને તરવાને માટે પાણી જોઈએ અને થાકયા પ્રવાસીને ઉભા રહેવાને ઝાડની છાયા જોઈએ.

આકાશાસ્તિકાય તે અવકાશ છે કે જેમાં સર્વ વસ્તુઓ રહેલી છે. ચોથું અજીવતત્ત્વ તે કાળ છે. નવીનને એ પુરાતન કરે છે. પાંચમું અને, આપણે કહી શકીએ કે, અજીવ તત્ત્વોમાંથી સૌથી વધારે મહત્ત્વનું તત્ત્વ તે પુદ્ગલાસ્તિકાય છે. અભેદ્ય અછેદ્ય સૂક્ષ્મ એવા અનંત અસંખ્ય પરમાણુનું આ-તત્ત્વ બનેલું છે. દરેક પરમાણુ છદ્મસ્થને ઇંદ્રિય અગોચર છે અને કેવલીને ગોચર છે, અને તેમાં, રૂપ રસ, ગંધ અને સ્પર્શ છે. અમુક નિયમોને અનુસરીને તે બીજા એક કે અનેક પરમાણુઓ સાથે મળીને સમષ્ટિરૂપ ધારણ કરે છે, તથા એમ કરીને આ જગતમાં વિવિધ સ્વરૂપોને પ્રગટ કરે છે.

ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશાસ્તિકાય અનો જીવાસ્તિકાય એ ચાર દ્રવ્ય અમૂર્ત્ત (અરૂપી) છે, અને પુદ્ગલ દ્રવ્ય મૂર્ત્ત (રૂપી) છે. ઇન્દ્રિય ગ્રાહ્યવર્ણ–ગંધ–રસ અને સ્પર્શાદિ ગુણપર્યાય સમુદાય જેમાં હોય તે મૂર્ત્ત (રૂપી) છે. વર્ણાદિ ગુણ પર્યાયોનો જેમાં અભાવ છે તે અમૂર્ત્ત (અરૂપી) છે. ઇન્દ્રિયગ્રાહ્યને રૂપી કહેવાય છે અને ઈન્દ્રિય ગ્રાહ્ય નથી તે અરૂપી કહેવાય છે.

પુદ્ગલના બે પ્રકાર છે ૧. અણુ અને ૨. સ્કંધ.

દ્રવ્યનો સૂક્ષ્મ અંશ એટલે કે બુદ્ધિ પણ જે અંશની કલ્પના ન કરી શકે તે પ્રદેશ કહેવાય છે. એવા અંશોનો એકત્રિત સમુહ તે સ્કંધ કહેવાય છે. સ્કંધ મિશ્રિત દરેક સૂક્ષ્મ અંશને પ્રદેશ કહેવાય છે. આવો પ્રદેશ તે સ્કંધથી અલગ–છૂટો પડે ત્યારે પરમાણું કહેવાય છે.

પુદ્ગલ એ એક જ દ્રવ્ય એવું છે કે જેના પ્રદેશ સ્કંધથી જુદા પાડી શકાય છે. આમ છૂટા થયેલ પ્રદેશ પાછા ફરી સ્કંધમાં ભળી જઈ શકે છે. છૂટા પડવું અને ભેગા થવું એ ગુણ માત્ર મૂર્ત્ત દ્રવ્ય પુદ્ગલમાંજ છે. પુદ્ગલ સ્કંધમાંથી છૂટો પડતો ભાગ અવયવ કહેવાય છે, અને તેનો છેલ્લો અવયવ તે પરમાણું કે જે અવિભાજ્ય છે. પરમાણુ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્ય સમય છૂટો અને સ્વતંત્ર રહી શકે છે, પછી તે અવશ્યમેવ પ્રયોગ, સ્વભાવ આદિ નિમિત્તે સ્કંધમાં ભળે છે અને તે પ્રદેશ નામથી ઓળખાય છે. પરમાણું અગોચર હોવા છતાં રૂપી છે. તે ઈન્દ્રિય ગ્રાહ્ય ન હોવા છતાં સ્કંધમાં ભળતાં ઇન્દ્રિય ગાહ્ય થાય છે. એક પરમાણુમાં એક વર્ણ–એક ગંધ એક રસ અને બે સ્પર્શ હોય છે. તે ઇન્દ્રિય ગ્રાહ્ય ન હોવાથી તેનું જ્ઞાન અનુમાન અને આગમથી થઈ શકે છે. જુદા જુદા તત્ત્વો કે ભૂતો એક જ પ્રકારના મૂળ પરમાણુમાંથી પરિણામ પામેલા છે, આમ હોવાથી રાસાયણિક મિશ્રણોમાં જે સ્વભાવિક શક્તિ અગત્યનો ભાગ ભજવે છે તે જાતી તરીકે મૂળ પરમાણું જ છે. આજના વૈજ્ઞાનિક યુગમાં જૈનોનો પરમાણુવાદ અનેક શોધ ખોળો દ્વારા સિદ્ધ બની વિખ્યાત પામ્યો છે. પરમાણુ માત્ર અબદ્ધ અસમુદાય રૂપ છે. પુદ્ગલનો બીજો પ્રકાર જે સ્કંધ છે તે બદ્ધ સમુદાયરૂપ છે. પુદ્ગલ દ્રવ્યના સ્કંધ અનેક પ્રકારના છે. સ્કંધ દ્વયણુકથી માંડી સંખ્યાત, અસંખ્યાત, અનંત અને અનંતાનંત અણુકના બને છે. ગણત્રી કરી શકાય તે

સંખ્યાત, અગણિત પરંતુ ઉપમાદ્વારા સમજાવી શકાય તે અસંખ્યાત, અગણિત અને દ્રષ્ટિ મર્યાદા બહાર તે અનંત, અને આવા અનંતના અનંત પ્રકારમાંનો છેવટનો પ્રકાર અનંતાનંત કહેવાય છે.

સ્કંધની ઉત્પત્તિ ત્રણ પ્રકારે છે (૧) સંઘાત (મિલનથી) (૨) ભેદથી (૩) અને સંઘાત ભેદથી

જુદા જુદા બે પરમાણુ ભેગા મળતાં દ્વયણુક બને છે; આમ એક એક પરમાણુ વધતાં ત્ર્યણુક, ચતુરણુક, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી અને અનંતાનંત પ્રદેશી સ્કંધ બને છે તે સંઘાતથી બનેલા કહેવાય છે.

મોટા સ્કંધમાંથી છૂટા પડવાથી નાના સ્કંધો–અવયવો બને છે. તે પણ દ્વિપ્રદેશીથી માંડી અનંતાનંત પ્રદેશી હોય છે. આ સ્કંધો ભેદથી બનેલા કહેવાય છે. દ્વિપદેશી છૂટા પડતાં અણુ બને છે.

કોઈ કોઈ વાર એક સ્કંધ તૂટે છે તેજ સમયે તેના જુદા જુદા ભાગમાં કોઈ નવું દ્રવ્ય સંમિલિત થાય છે. આ રીતે બનતા સ્કંધ સંઘાત ભેદથી થાય છે. આ સ્કંધો પણ દ્વિપ્રદેશીથી માંડી અનંતાનંત પ્રદેશી હોય છે.

પરમાંણુ બે પ્રકારના છે (૧) સૂક્ષ્મ અને (૨) બાદર.

અનંતાનંત સૂક્ષ્મ પરમાણુના બનેલા સ્કંધ પણ સૂક્ષ્મ હોય છે. બાદર પરમાણુના બનેલા સ્કંધ બાદર હોય છે.

સૂક્ષ્મ સ્કંધો ઇન્દ્રિય ગમ્ય નથી, માત્ર બાદર સ્કંધ ઇન્દ્રિય ગમ્ય છે.

આ રીતે પુદ્ગલ વ્યક્તિ રૂપે અનંત હોઈ તેની વિવિધતા અપરિમિત છે. અણુ અને સ્કંધમાં સમસ્ત પુદ્ગલ સમાઈ જાય છે. સ્વજાતીય સ્કંધના સમૂહનું નામ વર્ગણા કહેવાય છે.

આ જગતમાં વિવિધ સ્વરૂપોને પ્રગટ કરવારૂપ પુદ્ગલદ્રવ્યનાં અનેક કાર્યો છે. પુદ્ગલાસ્તિકાયમાં એવી પણ એક ખાસ વિશેષતા છે કે જેણે કરીને એ જીવમાં (જીવપરિણમવાવે ત્યારે) પણ પ્રવેશ કરી શકે છે અને એમાં બહુ સ્પષ્ટ વિકાર કરી શકે છે. જેમ ઔષધની ગોળી માણસના શરીરની અંદર જઇને મહત્ત્વનું કાર્ય કરે છે તેમ પુદ્ગલાસ્તિકાય પણ જીવમાં પ્રવેશીને એના ઉપર અનેક પ્રકારની અસર કરે છે. જીવની સર્વજ્ઞતાને અને સર્વ શક્તિમત્તાને આ પુદ્ગલાસ્તિકાય ઢાંકી દે છે અને તેથી એનામાં (જીવમાં) માત્ર પરિમિત જ્ઞાન અને પરિમિત શક્તિ રહે છે; એ એને દુઃખ આપે છે અને તેથી કરીને એના સ્વાભાવિક સ્વાસ્થ્યનો નાશ થાય છે; જીવના ઉપર એ અસ્થિર શરીરો વીંટાળે છે, એને જીવન અને મોહ આપે છે, અને એવું પ્રારબ્ધ બંધાવે છે કે પછી અમુક સમય સુધી એ જીવે માણસ, તિર્યંચ, સ્વર્ગવાસી કે નરકવાસી એ ચારમાંની કોઈ પણ યોનિમાં અવતરવું પડે છે. પુદ્ગલાસ્તિકાય જીવમાં પ્રવેશીને બધાં પ્રાણીના જન્મ અને અસ્તિત્વ માટે ભારતના

બધા તત્ત્વ દર્શનોએ સ્વીકારેલું એવું એક ગૂઢ તત્ત્વ–કર્મ તૈયાર કરે છે. ( એટલે જીવ સાથે મિશ્રિત પુદ્ગલ તે કર્મ કહેવાય છે )

કર્મયોગ્ય પુદ્ગલસ્કંધની વર્ગણાતેકાર્મણ વર્ગણા કહેવાય છે તે સૂક્ષ્મ હોઈ ઇન્દ્રિયથી અગોચર હોય છે. બાદર હોતી નથી. બીજી દરેક વર્ગણા કરતાં કાર્મણવર્ગણાનાં પુદ્ગલો સૂક્ષ્મ હોય છે. આત્મ પ્રદેશ આવાજ સૂક્ષ્મસ્કંધો ગ્રહણ કરે છે. આત્મપ્રદેશથી અભિન્ન ક્ષેત્રના આકાશ પ્રદેશમાં ઉર્ધ્વ, અધો અને તિયક્ સર્વ દિશાથી આવેલા પુદ્ગલો જ આત્મામાં બંધાય છે. આવા કર્મ પુદ્ગલો પણ સ્થિર હોય ત્યારે જ બંધાય છે. બંધ યોગ્ય પુદ્ગલસ્કંધ અનંતાનંત પ્રદેશી હોય છે; સંખ્યાત, અસંખ્યાત, અને અનંત પ્રદેશી પુદ્ગલો અગ્રહણયોગ્ય હોવાથી બંધાતા નથી. કર્મ પુદ્ગલનો જીવ સાથે એકરસ સંબંધ તે બંધ છે. કષાયના કારણે કર્મયોગ્ય પુદ્ગલ જીવ ગ્રહણ કરે છે. જે કર્મવર્ગણામાં કર્મરૂપે પરિણામ પામવાની શક્તિ છે તેનેજ જીવ ગ્રહણ કરી કર્મરૂપે પરિણમાવી પોતાના આત્મપ્રદેશ સાથે એકમેક કરી દે છે. જીવ અમૂર્ત હોવા છતાં અનાદિ કાળના કર્મ સંબંધના કારણે મૂર્ત જેવો બની મૂર્ત કર્મરૂપ પુદ્ગલ ગ્રહણ કરે છે. આમ થવાનું કારણ આત્મામાં ઉત્પન્ન થતો કાષાયિક ભાવ–પરિણામ છે. કષાય ઉપરાંત કર્મગ્રહણનાં બીજાં પણ કારણો છે; પરંતુ કષાયની ગણના તેની વિશેષતાના કારણે છે.

ભારતના સર્વમાન્ય સિદ્ધાંત પ્રમાણે દરેક કાર્ય, દરેક શબ્દ, દરેક વિચાર, દ્રષ્ટ કે અદ્રષ્ટ ફળ આપે છે અને તે એનું ઈનામ કે સજા છે. તે ફળ જીવને એના એ ભૌતિક ભવમાં મળે, પણ ઘણાખરા પ્રસંગોમાં તો પછીના ભવમાં જ મળે છે; જીવનાં કર્યાં કર્મનો સરવાળો એના નવા ભવના કારણભૂત બની રહે છે. મુઆ પછી થવાના ભવનાં પરિમાણ અને પ્રકાર એ કર્મથી નક્કી થાય છે. એક ભૌતિક ભવ સમાપ્ત થાય પછી એનાં અનિવાર્ય ફળ આત્માએ આગલા ભવમાં જે બીજ વાવ્યાં હોય તે લણવાને માટે બીજા ભવમાં જન્મ આપીને એને મોકલે છે.

જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. જીવ-કર્મપુદ્‌ગલને ગ્રહણ કરે કે તરત જ તેલ ચોળેલા શરીર ઉપર ધૂળના રજકણ ચોંટી જાય છે એમ એ કર્મ એના (જીવના) પ્રદેશની અંદર વળગી જાય છે. જેમ જમતી વખતે લીધેલા આહારના પદાર્થો લોહી, મજ્જા અને મેદરૂપ બની જાય છે, અને શરીરના આધારરૂપ થાય છે, તેમ આવાં કરેલાં કર્મ જીવમાં અમુક પ્રકારનાં સ્વરૂપ ધારણ કરે છે. કર્મના થયેલા આવા પ્રકારોના જૈનદર્શનમાં જ્ઞાનાવરણીયાદિ આઠ મુખ્ય ભેદ અને તેના નાનાનાં નાના ૧૫૮ ભેદ પાડ્યા છે. આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોને રોકવાના સ્વભાવને અનુલક્ષીને તે પ્રકારોનાં નામ દર્શાવ્યાં છે આમાંનાં કેટલાંક કર્મ એવાં છે કે જે વાસનાઓને જગાવે છે; કેટલાંક એવાં છે કે જીવના ત્યારપછીના ભવ, આયુ, ગોત્ર વગેરે નક્કી કરે છે, કેટલાંક

એના વિચારો અને જીવનધર્મ નક્કી કરે છે. જીવમાં પ્રવેશતા પુદ્ગલાસ્તિકાય જે અસર કરે છે તે અસરના–કાર્યના–નૈતિક ગુણને આધારે કર્મના પ્રકાર, એનો અવધિ, અને એનું બળ નક્કી થાય છે. સારાં કાર્ય સારૂં અને નઠારાં કાર્ય નબળું કર્મ બંધાવે છે. આમ કાર્યના અને એથી થતી અસરના પણ જુદા જુદા પ્રકાર છે, અને એ સૌ જુદાં જુદાં કર્મને બંધાવે છે. કર્મનું ફળ મળી રહ્યે એનો નાશ થાય છે; પણ દરેક પળે નવા કર્મ બંધાયે જાય તેથી પુરાં થઈ રહેલાં કર્મને સ્થાને નવાં કર્મ દરેક પળે આવતાં જાય છે, તેથી ભવની અનાદિ સાંકળ ચાલ્યા જ કરે છે. ભારતનાં બીજાં બધાં આધ્યાત્મિક દર્શનોની પેઠે જૈનદર્શનનો પણ એજ ઉદ્દેશ અને હેતુ છે કે જન્મમરણની ઘટમાળમાંથી જીવને મુક્ત કરવો અને સંસારના દુઃખમાંથી એને છોડાવી નિર્વાણને માર્ગે લઈ જવો. આ સાધના બધા જીવથી સાધી શકાતી નથી; અમુક જીવો સ્વભાવથી જ અભવ્ય છે; એ કદાપિ મુક્ત થવાના નથી, એમને હંમેશાં જન્મમરણની ઘટમાળમાં રખડવાનું છે, પણ જે જીવો વિશેષ સંજોગોને બળે મુક્ત થવા નિર્માયા છે તે શુભ કર્મોને બળે પોતાના આત્માને પરિપૂર્ણ કરીને આત્મામાં વળગેલી કાર્મણવર્ગણાને સર્વથા નષ્ટ કરી આત્માના અનંત ગુણોને પ્રાપ્ત કરશે.

## આત્માના ગુણોને રોકવાની અપેક્ષાએ કર્મના પ્રકારોઃ–

મનુષ્યને વ્યાધિ થયો છે એમ કહેવા માત્રથી વ્યાધિનો ધ્વંસ કરી શકાતો નથી. કેવા પ્રકારનો વ્યાધિ થયો

છે, તે પ્રકારના વ્યાધિની ઉત્પતી શાથી થાય છે? તેના ધ્વંસનો માર્ગ શું છે? કેવા પ્રકારની વ્યાધિથી શરીરનું કેવા પ્રકારનું સ્વાસ્થ્ય રોકાય છે આ બધું વ્યાધિની ચીકીત્સા કરનાર વૈદ્યોજ કહી શકે. અને તેવા હોશિયાર ચીકીત્સકોએ દર્શિત માર્ગ દ્વારા જ વ્યાધિનો અંત લાવી શારીરિક સ્વાસ્થ્યતા પ્રાપ્ત કરી શકાય.

એ રીતે આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોરૂપ સ્વાસ્થ્યને રોકનાર કર્મરૂપી વ્યાધિઓ કેટલા પ્રકારના છે? તે વ્યાધિઓને કયી રીતે નષ્ટ કરી સ્વસ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે? તે પ્રકારોનું સ્પષ્ટીકરણ જૈન દર્શનકારોએ બહુ જ સુંદર રીતે દર્શાવ્યું છે. અન્ય દર્શનકારો આત્માના ગુણો અને તેને રોકનાર કર્મના સંબંધમાં ઉતર્યા જ નથી. આત્મા ચેતનાથી ઓળખાય, ઉપયોગ હોય ત્યાં જીવ અવશ્ય છે. ઉપયોગ, ચેતના, જ્ઞાન એ જીવનું લક્ષણ છે. તે કોનાથી આવરાય, કોના જવાથી વધે; તે માટેનું વિવેચન જૈન સિવાય અન્ય દર્શનમાં નથી.

આત્માનો મુખ્ય સ્વભાવ જ્ઞાન, તેને રોકનાર તે જ્ઞાનાવરણીય કર્મ એવી માન્યતા બીજા મતોએ માનેલી નથી. ભણ્યા પછી સંભાળી રાખવું કેમ પડે છે? વગર સંભાળ્યું ટકતું નથી માટે, જેનું જ્ઞાન આપણને થયું છે તે અત્યારે યાદ કરવું છે તો પણ કેટલીક વખત યાદ આવતું નથી, વિસ્મૃત થઈ જાય છે, થોડીવારે પાછું યાદ આવી જાય છે. વિસ્મૃત થવાના સમયે જ્ઞાન છે તો ખરૂંજ, અને

જો ન હોય તો થોડીવાર પછી યાદ આવી જાય છે તે આવે નહિ. હવે જ્ઞાન છે અને વિસ્મૃત થયું તેનું શું કારણ? એનો જવાબ એજ છે કે યાદ ન આવ્યું તે વખતે કોઈક રોકનાર ચીજ હતી, યાદ આવ્યું તે વખતે રોકનાર ચીજ ખસી ગઈ. જરૂર વખતે યાદ નથી આવતું તેથી માનવું પડશે કે જ્ઞાનને રોકનાર કોઈક કર્મ છે, જેને જૈન દર્શનમાં જ્ઞાનાવરણીય કર્મ તરીકે ઓળખાવ્યું છે. જેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો હોય તેને ક્ષણવારમાં આવડી જાય છે, ક્ષયોપશમ ન હોય તેને યાદ કરતાં ઘણીવાર લાગે છે. આ દિશામાં બીજા મતવાળાઓ ઉતર્યાજ નથી. આઠે કર્મો તપાસી લો, અને આઠ કર્મના વિભાગો, કર્મ કારણો, બંધની, રોકવાની, નિર્જરવાની દશા બીજા મતમાં નથી. જે મતવાલાએ જ્ઞાનાવરણીય કર્મ ન માન્યું તે તોડવાના રસ્તા બતાવે કયાંથી? આત્માનો જ્ઞાન સ્વભાવ જણાવે ત્યારે જ્ઞાનની અધિકતા, ન્યૂનતા જણાય, જ્ઞાનમાં તરમતા–ઓછાવત્તાપણું શાથી છે? જીવમાં સ્વભાવ સરખા છે છતાં અધિક ન્યૂનતા કેમ હોય છે? કહેવું પડશે કે, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છતાં પણ કંઈક રોકનારી ચીજ છે. મિલ્કત સરખી છે છતાં ઘરાકમાં દબાઈ ગયેલાનો હાથ છૂટો હોતો નથી. તેમ દરેક જીવ કેવળ જ્ઞાનમય છતાં જ્ઞાન સ્વભાવને રોકનારા કર્મવડે કેવળ સ્વરૂપ આવરાઈ ગયું છે. આ રીતે જૈન દર્શન સિવાય બીજાઓએ જ્ઞાન સ્વભાવને રોકવાનું કર્મ માન્યું નથી, અને રોકાવાનાં કારણો તથા તોડવાના પ્રકારો બતાવ્યા નથી. ધર્મને બતા-

નારા આત્માના સ્વભાવને રોકનારાં કર્મ ન બતાવી શકે તો આત્મ સ્વભાવ પ્રગટ શી રીતે કરી શકાય ?

જ્ઞાન આત્માનો ગુણ માનીએ તો દર્શન આપોઆપ માનવું પડે. દર્શન એટલે સામાન્ય બોધ. કોઈ વસ્તુનું સામાન્ય જ્ઞાન થાય અને બીજી પળે વિશેષ જ્ઞાન થાય છે. તેમાં પહેલાં સામાન્ય જ્ઞાન છે, તેનું જ નામ દર્શન તે દર્શન એટલે જીવ સ્વભાવને જે માને તે જ દર્શનાવરણીય માની શકે છે. નિદ્રા વખતે જ્ઞાન હોય, માત્ર એટલો કાળ જ્ઞાન રોકાય, ઉંઘ ઉડી ગયા પછી જ્ઞાન લાવવા બીજો પ્રયત્ન કરવો પડતો નથી. નિદ્રા અવસ્થામાં જ્ઞાન હતું પણ અનુભવમા ન હતું. નિદ્રા સામાન્ય દર્શનને રોકે એટલે જ્ઞાન શી રીતે આવે ? આ રીતે જ્ઞાનાવરણીયની જેમ **દર્શનાવરણીય** પણ સમજવું. વળી સુખ દુઃખ ન સમજાય એ પણ ન બને. સુખ અને દુઃખના કારણભૂત જુદું કર્મ તેનું નામ **વેદનીય** કર્મ. **જ્ઞાનાવરણીય.** દર્શનાવરણીય અને પછી વેદનીય હવે ચોથા **મોહનીય** કર્મ અંગે બે વિભાગ છે.

(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય.

મોહનીયના વિચાર અંગે કેટલાકની માન્યતા ચોખ્ખી નથી, કેટલાકની માન્યતા ચોખ્ખી છતાં વર્તન ચોખ્ખું નથી હોતું. સર્વમત જાણનારા પંડિતો પણ પોતાને જ્ઞાન છતાં સત્ય તરીકે સત્ય પદાર્થ માનતાં લપસે છે. સત્યને સત્ય તરીકે નહિ માનવામાં કોઈ ચીજ આડી આવે છે.

જીવાદિક નવતત્ત્વો સત્ય છે, તે બીજા મતવાળાએ વાંચ્યાં અને જાણ્યાં છતાંય તેમાં અસત્યપણાની પ્રતીતિ કેમ રહી? કારણ એજ છે કે માન્યતાને મુંઝવનારી કોઈ ચીજ આડે છે, અને તે ચીજ ખસે તો જ સાચી માન્યતા થાય.

રેલમાં બેસીએ તો મગજ પર ગતિની અસર થાય છે. પૃથ્વી અને ઝાડને સ્થિર છતાં ચર દેખવાનો અને ચરને સ્થિર દેખવાનો જેમ ભ્રમ થાય છે તેમ આત્મામાં પણ ભ્રમ થાય છે, જેથી સત્યને અસત્ય અને અસત્યને સત્ય ગણીયે છીયે. એથી માન્યતાને મુંઝવનાર કોઈ કર્મ છે એમ સમજવું જોઈએ. તે કર્મ દર્શન મોહનીય નામે ઓળખાય છે.

વળી મનુષ્યો દરેક સન્માર્ગે વર્તવાની ઈચ્છા કરે, છતાં પણ પ્રવૃત્તિ થઈ શકતી નથી. દરદી કુપથ્ય જાણે, માને અને છોડવાની ઈચ્છા રાખે પણ ખાવા બેસતાં ફીકું લાગે તો મરચાં ખાય. વળી ખાંસીના દરદીને મરચું–તેલ અપથ્ય છે, તે જાણે છે, છોડવા માગે છે; છતાં પણ કેટલાક મનના મજબુત માણસો કુપથ્ય છોડી શકે છે અને મનના કાચા હોય તે બીજાઓના કહ્યા છતાં કુપથ્ય લે છે. તેવી રીતે દર્શન મોહનીયના ક્ષયોપશમે શ્રદ્ધાળુ થવા રૂપ સમ્યકત્વવાળા થાય તે પાપ છોડવા લાયક છે તેમ ગણે છે, પરંતુ ઈચ્છાવાળા થયા છતાં સર્વ પાપ છોડી શકતા નથી, તેનું કારણ એજ છે કે વર્તનમાં મુંઝવનાર

કોઈ ચીજ છે અને તે ચારિત્ર મોહનીય કર્મ. મતલબ કે અશુદ્ધ વર્તનમાં નાખી દે તે ચારિત્ર મોહનીય કહેવાય.

દર્શન મોહનીય માન્યતાપર અસર કરે છે જ્યારે ચારિત્ર મોહનીય વર્તન પર અસર કરે છે. સંસાર અસાર છે, દુનિયા માટેના પ્રયત્નોમાં ફોતરાં ખાંડવાનાં છે એવી અંતઃકરણમાં માન્યતા એનું જ નામ સમ્યક્ત્વ છે. વર્તનમાં ફરક પડવા છતાં માન્યતા સાચી રહી તો સમ્યક્ત્વ ચાલ્યું ન જાય. માટે માન્યતામાં ભેદ પડવો જોઈએ નહિ. એટલા માટે જ દર્શન-મોહનીય અને ચારિત્ર મોહનીય એ બે વસ્તુ જુદી રાખી છે. કર્મોદયને લીધે શક્તિ કે સાધનના અભાવે પ્રવૃત્તિ કરી ન શકે એ બને. જેમકે ઉપવાસને યોગ્ય ગણાતો હોય પણ પોતે ચાર વખત ખાવાવાળો હોવાથી ઉપવાસ કરી શકતો નથી. કર્મોદયના કારણે કાર્ય ન બનવા છતાં માન્યતા બરાબર રહે તો સમ્યક્ત્વમાં વાંધો નથી. પણ એક વાત લક્ષ્યમાં રાખવાની છે કે પરિણામ જણાવવાવાળો, બોલવાવાળો, પ્રવૃત્તિ ન થવામાં મજબુત કારણમાં હોય તો જ તેનો બચાવ ચાલે છે.

શ્રેણિક અવિરતિ છતાં એને ક્ષાયિક સમકિત માનવા એ શ્રીજિનેશ્વર દેવનું વચન છે, માટે માનીએ છીએ. સેંકડે એંસી ટકા તો માન્યતા તેવું વર્તન હોય. માન્યતા તથા વર્તનમાં ફરકવાળા દાખલા ઘણા ઓછા છે. દુનિયાદારીમાં માન્યતા પ્રમાણે વર્તન ઘણે જ સ્થળે જોવાય છે. ઘણું જ ગંભીર કારણ હોય ત્યાં એ ન હોય એ બને. આ રીતે

દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે મોહ-
નીય કર્મ કહ્યું.

હવે પાંચમું કર્મ આયુ કર્મ છે. જીવન ટકાવી રાખવા અનેક પૌષ્ટિક ખાનપાનનો ઉપયોગ કરવામાં આવે છે. આરોગ્ય સાચવવા બરાબર કાળજી રખાય છે. ભયંકરમાં ભયંકર દર્દને નાબૂદ કરવા માટે વિજ્ઞાન દ્વારા અનેક ઔષધિઓ યા તો ઇંજેકશનની શોધખોળ થાય છે. દર્દના નિદાનની પરીક્ષા કરી તેનું ઉન્મૂલન કરવાની આવડતવાળા નિષ્ણાત વૈદ્ય-ડૉકટરો કે હકિમો જગતભરમાં છે. મોટા રાજાધિરાજ કે અગ્રગણ્ય દેશનેતાઓ કે મહર્દ્ધિકોને ઉપરોક્ત સામગ્રીઓ પૈકી કોઈની પણ કચાશ હોતી નથી, છતાં તેવાઓનીયે જીવનલીલા ઘડીભરમાં સંકેલાઈ જતાં વિલંબ થતો નથી. પાસે ખડા રહેનારાઓ ટગર ટગર જોયા કરે છતાં કોઈનું કંઈપણ ન ચાલે. જગતની કોઈપણ સત્તા તેને રોકી શકે નહિ, આ શું ? અનેક ચક્રવર્તીઓ, અનેક મહર્દ્ધિકો આમ ચાલ્યા ગયા તેનું શું કારણ ? શું સાધન સામગ્રીની કમીના હતી ? નહિ, નહિ. માનવું જ પડશે કે છતી સારવારે, છતી સામગ્રીયે પણ જીવનલીલા સંકેલાઈ જવામાં કંઈક કારણ છે, અને તે આયુઃકર્મ છે. આયુકર્મનો સ્થિતિ કાળ પૂર્ણ થતાં કોઈપણ સામગ્રી આયુને ટકાવી રાખવામાં સહાયભૂત નીવડતી જ નથી. નહિતર, જગતના કોઈ માનવીને મરવું ગમતું જ નથી. આયુઃકર્મ જગતમાં ન હોત તો અનેકોની જિંદગીઓ આજે પણ અસ્તિત્વમાં હોત.

જગતમાં નાનાં મોટાં અનેકવિધ પ્રાણિઓ છે. સર્વમાં શારિરીક અવયવો, શારીરિક બાંધાઓ, શારિરીક સૌંદર્ય, ઇંદ્રિયોનું ન્યૂનાધિક પણું, વળી કોઈ મનુષ્યપણે, કોઈ પશુપણે, કોઈ દેવપણે, કોઈ નારકીપણે, એ રીતે આ સંસારપટ્ટ ઉપર પરિભ્રમણ કરનાર જીવોને ઉપરોક્ત સંજોગોમાં જે ભિન્નતા સાંપડે છે તે ભિન્ન ભિન્ન રૂપે તેવા સંયોગો અપાવનાર કર્મ તે 'નામકર્મ' નામે ઓળખાય છે.

એ રીતે કોઈનો મોટા રાજા મહારાજાઓને ત્યાં જન્મ, અને કોઈનો ચંડાળ આદિને ત્યાં જન્મ થાય છે આનું શું કારણ? હલકાકુળમાં જન્મ પામવાનું કોઇને પણ પસંદ નથી તેનું શું કારણ? ઉચ્ચકુળ અને નીચકુળ અપાવનાર પણ કોઈકને માનવું પડશે, અને તે 'ગોત્રકર્મ' તરીકે ઓળખાય છે. હવે અંતરાય કર્મ અંગે વિચારીએ. છતી લક્ષ્મીએ દાન દેવાની બુદ્ધિ થતી નથી. વગર લક્ષ્મીનો કેટલોક વર્ગ પુણિયાશેઠ જેવો છતાં તેને દાન દેવાની બુદ્ધિ થાય, કેટલાક મહેનત કરે છતાંય ન મેળવે, કેટલાક વગર મહેનતે સારી લક્ષ્મી મેળવી શકે છે. એટલે દાનનો અને લાભનો ગુણ ઉત્પન્ન થવો તે કર્માધીન છે, અને તે ગુણને રોકનાર કર્મ '**અંતરાય કર્મ**.' આ રીતે જે કર્મના આઠે પ્રકાર જાણે નહિ તે આત્મકલ્યાણના માર્ગે આવી શકે નહિ. એ પ્રકારો દ્વારા કર્મનું સવિસ્તૃત સ્વરૂપ સમજવા જૈનદર્શનમાં કહેલું તત્ત્વજ્ઞાન–ફીલોસોફી સમજવી પડશે.

# પૂર્વબદ્ધ કર્મમાં થતું પરિવર્તન

કર્મ પૂર્વોક્ત આઠ પ્રકારે બંધાય છે. કર્મ કેવા સ્વભાવે કેટલા સમય પૂરતું, કેવા રસપૂર્વક અને કેટલા દલિક પ્રમાણમાં ઉદય (ફળ દેવાના સમય) માં આવશે તે કાર્મણ વર્ગણાનો સંસારી આત્મા સાથે બંધ થવા સમયે જ નિયત થાય છે. પરંતુ તે કર્મનો ઉદય શરૂ થયા પહેલાં તેમાં કવચિત ફેરફાર થઈ જવા પામે છે. એ ફેરફાર થવાનું કારણ જીવના પૂર્વકર્મ કરતાં વિદ્યમાન અધ્યવસાયો ઉપર વિશેષ હોય છે. આ માન્યતાથી સિદ્ધ થાય છે કે બંધ સમયે નિયત થયેલ બાબતોમાં પણ પરિવર્તન થઈ શકે છે. બંધાયેલ દરેક કર્મોનું આ પ્રમાણે પરિવર્તન થાય છે એમ પણ નથી પરંતુ અમુક સંસ્કારવાળા કર્મમાંજ આ પ્રમાણે પરિવર્તન થાય છે. આ સંસ્કારની ઉત્પત્તી બંધ સમયે જ કર્મમાં પેદા થાય છે. કોઈક કર્મ એવા સંસ્કારવાળું હોય છે કે બંધ સમયે નિયત થયેલ બાબતોમાં કોઈ પણ પ્રકારે કંઈ પણ પલટો થવા પામે જ નહિ.

એનું નિયત થયા મુજબ જ ભોગવવું પડે. આવા સંસ્કારવાળા કર્મને જૈનશાસ્ત્રમાં ‘નિકાચિત કર્મ’ તરીકે ઓળખાય છે. નિકાચિત સિવાય બીજું એક એવા સંસ્કાર-વાળું કર્મ છે કે તેમાં કર્મ અંગે જે ફેરફારો થવાના પ્રકાર દર્શાવ્યા છે તે પૈકી સ્થિતિ અને રસમાં જ ન્યૂનાધિક થવાના સ્વભાવ રૂપ પ્રકારોનું થવાપણું હોય છે. આવા સંસ્કાર

વાળા કર્મને 'નિધત્તિ કર્મ' કહેવાય છે. આ બે સંસ્કાર સિવાયની અન્ય કાર્મણ વર્ગણામાં કોઈ વખત અધ્યવસાયના બળથી પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશમાં ન્યૂનાધિક ફેરફારો થવાનું સંભવી શકે છે.

આ ફેરફારો ઓછેવત્તે અંશે અબાધા કાળ દરમ્યાન થાય છે. અબાધા કાળ એટલે કર્મ બંધાયા પછીનો અને ઉદય (ભોગવટા) પહેલાંનો કાળ સમજવો. ઉદયાવલિકોને પ્રાપ્ત થયેલાં કર્મોમાં કંઈ ફેરફાર થઈ શકતો નથી. કર્મની કઈ કઈ બાબતોમાં કેવાકેવા પ્રકારે ફેરફારો થાય છે અને તે પ્રમાણે થતા ફેરફારો શું નામે ઓળખાય છે તે આ પ્રમાણે છેઃ—

કર્મની સ્થિતિ અને રસની વૃદ્ધિ, હાનિનો આધાર મનુષ્યના પૂર્વકર્મ કરતાં વિદ્યમાન અધ્યવસાયો ઉપર વિશેષ રહે છે. એક સમયે કરાયેલ અશુભ કર્મોની સ્થિતિ અને રસમાં પણ પાછળથી કરાયેલ શુભ કૃત્યો વડે ઘટાડો થઈ શકે છે, અને પ્રથમ કરેલ શુભ કૃત્યો દ્વારા ઉપાર્જિત શુભ કર્મની સ્થિતિ અને રસમાં પણ પાછળથી થતા દુષ્કૃત્યોના યોગે ઘટાડો થવા પામે છે. આ ક્રિયાને જૈન દર્શનમાં 'અપવર્તના' કહે છે. આમાં અશુભકર્મનો રસ અશુભ હોય છે, આત્મ વિકાસનો માર્ગ સુલભ બનાવવામાં અશુભ કર્મની સ્થિતિ અને રસની જ અપવર્તના જરૂરી છે.

ભોગવટાના કાળનું પ્રમાણુ અને અનુભવની તીવ્રતા-મંદતા નિર્ણીત થયેલી હોવા છતાં પણુ આત્મા ઉચ્ચકોટિના અધ્ય વસાયોરૂપ કરણુ વડે તેમાં ન્યૂનતા કરી શકે છે. કર્મરાજા સાથે સ્થિતિના કરાર કરેલા હોય કે તે કોડાકોડી સાગરોપમ સુધી ભોગવાશે. કોલકરારની વધુમાં વધુ સ્થિતિની મુદ્દત ૭૦ કોડાકોડી સાગરોપમની હોય છે. પણુ તે કોલકરારની મુદ્દત તોડી નંખાય તો જ આત્મા આગળ વધે છે. જો તોડવાની તાકાત ન આવે તો આગળ વધાય જ નહિ. કોઈ જગાનું પાણી એવું હોય કે તેનાથી ચૂલા ઉપર મુકેલી દાળ કલાકો સુધી પણુ ચડે નહિ, પણુ તેમાં સોડા અગર એવા બીજા કોઈ દ્રવ્યના સંયોગથી એ તરત ચડી જાય. અને તેની કલાકોની સ્થિતિને તોડી નંખાય.

એ રીતે આત્માના અમુક જાતના અતિશુભ પરિણામ વડે જે કર્મ સિત્તેર કોડાકોડી સાગરોપમ સુધી ભોગવવાનું હોય, તેના ભોગવટાનો કાળ તોડી શકાય. તે તોડી નાખીને થોડામાં ભોગવી લેવાય. કર્મની અંદર કાળ જાગતી ચીજ છે, તેનું કાસળ નીકળે તો મોક્ષ નજીક જ છે. એટલે જેઓ કર્મની સ્થિતિને તોડી શકે તે ગુણુ પ્રાપ્ત કરી શકે છે. જૈનદર્શનમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણિ યાવત્ક્ષપક શ્રેણિરૂપ ગુણનો આધાર સ્થિતિ ઉપર કહ્યો છે. સમ્યક્ત્વ પામ્યા પહેલાં ગ્રંથિભેદ કરે. ૬૯ કોડાકોડી અધિક સ્થિતિ તોડે ત્યારે ત્યાં આવે છે. તેથી વધુ સ્થિતિ તોડે તો દેશવિરતિ પામે, તેથીયે સંખ્યાતા સાગરોપમ તોડી નાંખે ત્યારે

સર્વવિરતિની પ્રાપ્તિ થાય. એ રીતે આત્માના ગુણ પ્રગટ કરવા માટે કર્મની સ્થિતિને તોડી નાખવી પડે છે. કર્મની સ્થિતિ કાપવાનું એકાદ સમયમાં બની જતું નથી. તે અસંખ્યાતા સમયમાં બને છે. પહેલા સમયે જેટલી સ્થિતિ તોડવા માંડી તેટલી તૂટી, બીજા સમયે તોડવા માંડી તેય તૂટે તો આગળ વધવાનું થાય. સ્થિતિ તોડી નાખવા છતાં કર્મ પ્રદેશોનો સમુહ તો નિયત થયા મુજબ જ રહે છે. ફેર એટલો પડે છે કે જે પ્રદેશોના સમૂહના ભોગવટામાં દીર્ઘકાળ વ્યતીત કરવાનો હોય તેટલો સમુહ ટુંકા કાળમાં ભોગવવાનું કરે. પણ ભોગવટાનું સત્ત્વ એવુંને એવું હોય તો ભેળું થાય અને મુશ્કેલી ઉભી કરે. રોજ અડધી આની વજન ભાર કેફી વસ્તુ એક મહિના સુધી નિયમિત લેનારને એક મહિને લગભગ એક તોલા સુધી થઈ જાય પણ એક મહિનાની સામટી લઈ લે તો મરણ પ્રસંગ ઉપસ્થિત થાય. ધીમે ધીમે વાપરવાની વસ્તુ ધીમે ધીમે ખવાય તો નુકસાન ન થાય. એક સાથે ખાવાથી નુકસાન થાય. એકદમ ભોગવવાનો રસ્તો ચઢવાનો નહિ પણ પડવાનો છે, પણ તેના સત્ત્વને તોડી નાખે તો એક સામટી વપરાયેલ વસ્તુ પણ નુકસાન કરનાર થતી નથી. વધુ પ્રમાણમાં આરોગાયેલ કેરીનો રસ વાયુનો પ્રકોપ કરે, પેટમાં સખત પીડા પેદા કરે પણ રસમાંનું સત્ત્વ તોડી નાખીને વાપરવાથી વાયુ ઉત્પન્ન થાય નહિ. વધુ પ્રમાણમાં કેરી ખાવાના સ્વાદીલાઓએ આવા સમયે સૂંઠને મિશ્રિત કરવી જોઈએ, પછી વાંધો ન આવે. એ રીતે કર્મ એક વખત બંધાઈ ગયું પણ

તેને નબળું પાડવા માટે તેના સ્થિતિ અને રસ અનુક્રમે ટુંકાં અને મંદ કરવાં જોઈએ તે ટુંકાં અને મંદ ન થઈ શકતાં હોત તો ઉપદેશ, તપસ્યા, દાન, ધર્મ વગેરે કાંઈ પણ કરવાનું રહે જ નહિ.

પરંતુ એ બધાં શુભ અનુષ્ઠાનો અને શુભ પરિણામો દ્વારા પૂર્વબદ્ધ અશુભ કર્મોની સ્થિતિમાં ન્યૂનતા અને રસની તીવ્રતામાં મંદતા લાવી શકાય. તે ન્યૂનતા શી રીતે લાવી શકાય? શરદી થઈ હોય તો શરદી વિરૂદ્ધનાં કારણો મળ્યેથી શરદી ઉડી જાય, એ પ્રમાણે જે પરિણામે સ્થિતિ અને રસ બાંધેલાં હોય તે તેનાથી વિરૂદ્ધ પરિણામ હોય તો તૂટી જાય. જે વખતે સ્થિતિઘાત કરે તેજ સમયે રસનો પણ ઘાત કરે તો સ્થિતિ અને રસનો ઘાત એકી વખતે થાય. પરંતુ સ્થિતિમાં જેટલું તોડે તેના કરતાં રસમાં અનંતગણું તોડે. રસઘાતના ઝપાટામાં સ્થિતિઘાત ધીમે ચાલે.

કરેલાં કર્મ અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય તે પ્રદેશની અપેક્ષાએ. પ્રદેશબંધ તૂટી ન શકે, સ્થિતિબંધ તથા રસબંધ તૂટી શકે. સ્થિતિઘાતને સૂચવતું સમુદ્ઘાતનું વર્ણન જૈનશાસ્ત્રમાં આવે છે. આ સમુદ્ઘાત એ સ્થિતિ ઉપર આધાર રાખે છે. મોક્ષે જવાવાળા મનુષ્યનું પણ વધારેમાં વધારે આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય છે. એટલે આયુષ્ય કરતાં તે કર્મોની સ્થિતિ વધી જાય. ચરમ શરીરવાળાનું આયુષ્ય તોડી શકાય નહિ. તેઓનું આયુઃપૂર્ણ થઇ જાય છતાં વેદનીય વિગેરેની સ્થિતિ બાકી રહી જાય. આયુ વિના બીજાં બાકી રહેલાં કર્મ ભોગવાય શી રીતે? અને

કર્મ બાકી હોય ત્યાં સુધી મોક્ષે પણ શી રીતે જવાય? આયુઃ પૂર્ણ થયે મોક્ષે જવાય પરંતુ આયુની સ્થિતિ પૂર્ણ થયા છતાં વેદની આદિ કર્મ બાકી રહી જાય ત્યારે શું કરવું? આ બધો પ્રભાવ સ્થિતિ તોડવા ઉપર છે. એટલે ચાર ઘાતી કર્મક્ષય કરી કેવલજ્ઞાન પામેલા તો બાકી રહેલાં વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય એ ચાર પૈકી વેદનીય, નામ અને ગોત્રની લાંબી સ્થિતિ ટુંકી કરી આયુષ્ય કર્મની સ્થિતિ જેટલી બનાવવા માટે સમુદ્ઘાત કરે. જે સ્થિતિ ઓછામાં ઓછી રાખવી જોઈએ તે રાખીને બાકીની બધી તોડી નાખે. સર્વથા અપવર્તન કરે. માત્ર કાચી બે ઘડીની સ્થિતિ રાખી બાકીનો ભાગ ઉડાડી દે. આમ કેવલીઓ પણ તેમને જ્યાંસુધી મોક્ષે જવાની તૈયારી ન થાય ત્યાંસુધી કર્મ ભોગવતા રહે છે. છેલ્લા વખતે જ્યારે મન, વચન, કાયાના યોગ રોકી લેવાય ત્યારે સ્યિતિનો ક્ષય કરે છે. આ હકિકત સ્થિતિના અપવર્તન કરવાને અંગે અહીં સમજવા માટે લેવાઈ છે. આ પ્રમાણે કર્મની સ્થિતિ અને રસમાં ન્યૂનતા થવારૂપ અપવર્તના કરણની હકીકત કહેવાઈ. તેથી ઉલ્ટી ક્રિયાને 'ઉદ્વર્તના' કહેવાય છે. અશુભ કર્મ બંધાયા બાદ પણ બંધ સમય કરતાં પાછળથી વિશેષપણે કલુષિત અશુભ અધ્યવસાયો થવાના પરિણામે નિયતસ્થિતિ અને રસમાં વૃદ્ધિ થવા પામે છે તેને ઉદ્વર્તના કહે છે.

ઉદ્વર્તન અને અપવર્તન કરણ દ્વારા સમજી શકાય છે કે અજ્ઞાનવશે કરી યા તો મોહનીય કર્મની વિશેષ

પ્રબળતાના યોગે થયેલ ભૂલના પરિણામે ભૂતકાળમાં બંધાયેલ કર્મના દીર્ઘકાળ તીવ્રપણે ભોગવટાથી બચવા માટે વર્તમાન જીવન પવિત્ર બનાવી સદાચરણોમાં પ્રવૃત્તિ કરી આત્માના પરિણામને અતિ વિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

આ ઉદ્વર્તન અને અપવર્તન અંગેની હકીકત જૈન સિવાયનાં અન્ય દર્શનોમાં પ્રાયઃ દૃષ્ટિ ગોચર થતી નથી. કારણ કે આ હકીકત પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશરૂપ ચાર પ્રકારે બંધાતા કર્મ પૈકી સ્થિતિ અને રસ અંગે જ છે. જૈનેતર દર્શનમાં માત્ર કર્મ બંધાય છે એટલું જ કથન કરાયેલું છે. બાકી બંધના આ ચાર પ્રકારનું સવિસ્તર વર્ણન નથી. એટલે સ્થિતિ અને રસબંધનું કથન ત્યાં ન હોવાથી ઉદ્વર્તન અને અપવર્તનનું સ્વરૂપ જૈન દર્શન સિવાય બીજે જાણવા ન મળે એ સ્વાભાવિક છે.

જેમ અપવર્તના અને ઉદ્વર્તના દ્વારા સ્થિતિ અને રસના સ્વરૂપમાં હીનાધિકતા થઈ શકવારૂપ ફેરફાર થઈ શકે છે તેમ કર્મની પ્રકૃતિઓમાં એક એવો પણ ફેરફાર થઈ શકે છે કે બંધાયેલ કર્મની પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશ આ ચારેનો અન્ય કર્મરૂપે પણ પલટો થઈ જવા પામે છે. પ્રકૃતિ ભેદે કરી કર્મના આઠ મૂળ પ્રકાર જૈન દર્શનમાં જણાવ્યા છે, તેમાંથી દરેક પ્રકારના કર્મના ઉત્તર ભેદ પણ જણાવ્યા છે. તેમાં આ પલટો સજાતીય કર્મરૂપે જ થાય પણ વિજાતીય કર્મરૂપે ન થાય, એ સાથે સાથે

લક્ષમાં રાખવું જરૂરી છે. જેમકે વેદનીય કર્મનો પલટો તે મોહનીય રૂપે ન થાય, પણ શાતા વેદનીયનો અશાતા વેદનીય રૂપે અને અશાતા વેદનીયનો શાતા વેદનીય રૂપે પલટો થઈ છે.

એટલે કે સજાતીય કર્મની ઉત્તર પ્રકૃતિઓમાં આ ફેરફાર થાય. આવા પલટાને 'સંક્રમણ' કહે છે. આ સંક્રમણ પણ અધ્યવસાયના બળે જ થવા પામે છે. આમાં પણ કેટલીક સજાતીય ઉત્તર પ્રકૃતિઓય એવી છે કે જે બદલાતી નથી. જેમકે દર્શન મોહનીયનું સંક્રમણ ચારિત્ર મોહનીયમાં તેમજ જુદા આયુષ્યનું પરસ્પર સંક્રમણ થતું નથી.

વળી ઉદયકાળનો પ્રારંભ થયા પહેલાં તથા એ પ્રકારના અધ્યવસાયના અભાવે આ રીતે સંક્રમણ થયા સિવાય નિયત થયેલ પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશ રૂપે રહેલાં કર્મ કોઈ વખતે અબાધા સ્થિતિ સમાપ્ત થતાં વિરોધી પ્રકૃતિમાં સંક્રમીને સ્વરૂપે ઉદયમાં નહિ આવતાં પરરૂપે પણ ઉદયમાં આવે છે. તે માટે હકિકત એમ છે કે અબાધા સ્થિતિ સમાપ્ત થયે કર્મને કોઈ પણ પ્રકારે ઉદયમાં આવી નિર્જરવું જ જોઈએ એવો અવશ્ય નિયમ છે. હવે તે વખતે જો વિરોધી પ્રકૃતિનો ઉદય ચાલુ હોય તો પોતે વિરોધી પ્રકૃતિમાં ( ઉદયવતી પ્રકૃતિમાં ) સંક્રમીને ( પરિણમીને ) પર પ્રકૃતિરૂપે પણ ઉદથમાં આવે. અને વિરોધ પ્રકૃતિનો ઉદય બંધ પડતાં તે કર્મ સ્વસ્વરૂપે જ ઉદય-

માં આવે છે. અથવા વિરોધી પ્રકૃતિનો કદાચ ઉદય ન હોય પરંતુ સ્થાન જ સ્વરૂપોદયને અયોગ્ય હોય તો પણ પર પ્રકૃતિરૂપે ઉદયમાં આવે છે. આ રીતે સંક્રમણ અંગે સમજવાનું છે. હવે કર્મ વહેલું ભોગટામાં આવવા અંગે વિચારીયે.

આત્મા સાથે બંધાયેલ કર્મ બંધાતાંની સાથે જ ઉદયમાં આવવું જ જોઇએ એમ નથી. જે સમયે જેટલી સ્થિતિવાળું જે કર્મ આત્મા બાંધે છે અને તેના ભાગમાં જેટલી કર્મવર્ગણાઓ આવે છે તે વર્ગણાઓ તેટલો કાળ નિયત ફળ આપી શકે તેટલા માટે તેની રચના થાય છે. શરૂઆતમાં કેટલાક સ્થાનકમાં તે રચના થતી નથી, તેને અબાધાકાળ કહેવામાં આવે છે. તે સમયમાં બંધાયેલ કર્મનો ભોગવટો હોતો નથી. અબાધાકાળ પૂર્ણ થયે ક્રમશઃ ભોગવવા માટે તેના દલિકની રચના થાય છે. અબાધાકાળ પછીના પ્રથમ સ્થાનકમાં વધારે, બીજામાં ઓછાં, ત્રીજામાં ઓછાં, એમ સ્થિતિબંધના ચરમ સમય પર્યંત દલિક ગોઠવાય છે. એક મીનીટની લગભગ સાડા ત્રણલાખ આવલિકા ગણાય. અબાધાકાળમાંથી છૂટેલ કર્મ દલિકો પૈકી કેટલાંક દલિકોનો ભોગવવાનો કાર્યક્રમ પ્રથમ એક આવલિકા જેટલા વખતમાં ગોઠવાય તેટલા નિયત કાળને "ઉદયાવલિકા" કહે છે. એટલે કે ઉદયના .સમયથી માંડીને એક આવલિકા સુધીનો ભોગવવાનો સમય તે પ્રથમ ઉદયાવલિકા કહેવાય છે, કર્મના સર્વ દલિકો કંઈ એક આવલિકા જેટલા સમયમાં ખતમ થતાં નથી.

ચણ એક આવલિકા પૂરી થાય એટલે બીજી શરૂ થાય. દરેક ઉદયાવલિકામાં કર્મનો ઉદય ચાલુ જ હોય છે. એમ કેટલીયે ઉદયાવલિકાઓ વીત્યે છતે કર્મનો ઉદયકાળ પૂરો થાય છે. આ રીતે કર્મદલિકો ભોગવવાનો કાર્યક્રમ હોય છે. અબાધાકાળ પૂરો થયા બાદ ઉદય શરૂ થઇ કર્મદલિકો ઉદયાવલિકાઓમાં પ્રવેશવા વડે ફળદાયી બને છે. આ આબાધાકાળનો નિયમ સ્થિતિબંધ ઉપર છે. તે નિયમ એવો છે કે-જઘન્ય સ્થિતિબંધે અંતમુહુર્તનો અબાધાકાળ (અનુદયકાળ) હોય છે, સમયાધિક જઘન્ય સ્થિતિબંધથી માંડી યાવત્ પલ્યોપમના અસંખ્ય ભાગાધિકબંધથી આરંભી બીજા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી બે સમયાધિક અંતર્મુહૂર્તનો અબાધાકાળ પડે. એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક બંધે સમય સમયનો અબાધાકાળ વધારતાં પુર્ણ કોડાકોડી સાગરોપમના બંધે સો વરસનો અબાધાકાળ હોય. એટલે તેટલા વખતના જેટલા સમયો થાય તેટલા સ્થાનકમાં દલિક રચના ન કરે. સામાન્ય રીતે કર્મફળદાયી બનવાનો એ પ્રમાણે નિયત કાળ હોય છે. તો પણ એના નિયતકાળ પૂર્વે પણ એને ઉદયમાં લાવી શકાય છે, તેને જૈન પારિભાષિક શબ્દમાં ઉદીરણા કહેવાય છે. સામાન્ય રીતે જે કર્મનો ઉદય ચાલતો હોય તેના સજાતીય કર્મની જ ઉદીરણા થઈ શકે છે. કર્મનો ઉદય થવાનો સમય ન થયો હોય તો પણ પરાણે ઉદયમાં લાવી ભોગવે તે ઉદીરણા કહેવાય છે. આત્માને ચોકખો કરવો હોય તો કાચી મુદ્દતે

પણ કર્મ કપાવવાનો રસ્તો હોવો જોઈએ. કાચી મુદ્દતે કર્મને કાપી શકાય તો જ સમ્યકૂત્વ. દેશવિરતિ, જ્ઞાન થવાનું શકય બને છે. કાચી મુદ્દતે કર્મ ન કપાતાં હોત તો ચાહે જેટલાં કર્મ સુંદર કરો કે ન કરો તેની કિંમત શું ? જે કર્મ અત્યારે ઉદય આવતું નથી તે લાંબા કાળે-ભવિષ્યકાળે ઉદયમાં આવવાનું છે. અત્યારે ન ભોગવવાં પડે તે નરકમાં ભોગવવાં પડે, પણ તેવાં કર્મોને અત્યારે જે ભોગવવામાં આવે તે ઉદીરણા કરીને ભોગવ્યાં કહેવાય. જેઓ વેદવાની તાકાતવાળા હોય તે વેદી શકે. વેદવાની તાકાત ન હોય તો ઉલટાં બમણાં બંધાય છે. કેટલાકો ખમીને ખૂએ છે. ભોગવે તેમાં આર્ત્ત રૌદ્ર ધ્યાન કરે તો નરક વગેરેનું આયુષ્ય બાંધે. સમ્યગ્દ્રષ્ટિ આત્મા તો વહેલું ઉદયે આવે તેમાં ભવિતવ્યતાનો પાડ માને. તે તો એમજ સમજે કે દેવું તો ગમે તે સ્થિતિમાં ભરવું પડશે. પણ સારી હાલતમાં દેવું સહેલાઈથી ભરી શકાશે. જિનેશ્વર જેવા દેવ વગેરે મલ્યું છે તો આવા વખતે કર્મને ભોગવીને પરિણામ નહી ટકાવીએ તો જે વખતે જિનેશ્વરના ધર્મનું શ્રવણ ન હોય તે વખતે પરિણામ કયાંથી ટકશે ?

તપસ્યા, લોચાદિક વગેરે વેદનીયની ઉદીરણા છે. એટલે અહીં સમજવાનું એ છે કે કર્મ ઉદયમાં આવ્યું અને કર્મ ઉદયમાં લાવ્યું તેમ બે પ્રકાર છે. આપણે ઉદયમાં આવેલાં કર્મોથી કંટાળીએ છીએ પછી લાવવાની વાત તો દૂર રહી. જ્યારે મહાપુરુષો તો દેખે કે આ સ્થાને

પ્રતિકૂલતા થશે તેથી જાણી જોઈને ઉદય થવાના સ્થાનકે દોડે, એટલે મહાત્મા પુરૂષો ઉદીરણા કરીને ઉદયમાં લાવે. અઘાતીની ઉદીરણા જાણી જોઇને કરી શકાય, ઘાતીની ઉદીરણા તો તાકાતવાળા કરી શકે. જ્યાં વિપાક નહીં, માત્ર પ્રદેશ, એવા ઘાતીની ઉદીરણા કરે. બાકી અઘાતીની ઉદીરણા કરાય છે. ચડતા ગુણઠાણાવાળા ઘાતીની ઉદીરણા કરે. એટલે ઘાતી અને અઘાતીની ઉદીરણામાં પણ ખ્યાલ રાખવાનો છે. ઘાતીની ઉદીરણા કરવામાં સામાન્ય આત્માને નુકસાન છે. જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–મોહનીય અને અંત- એ ચારે ઘાતી કર્મ છે. તો વિચારો કે કર્મનો ઉદય વહેલો કે મોડો ક્યારેય પણ સારો નહિં. એટલે તેની ઉદીરણા પણ મુંઝવનારી બને. અહીં કોઈ પ્રશ્ન કરે કે ઘાતી કર્મની કદાચ ઉદીરણા ન કરે પરંતુ આત્મામાં સમાગત એટલે કે સિલકમાં ઘાતી કર્મ હોય, તેથી કાળ પાકે એટલે વિપાકોદય તો થતોજ રહેવાનો અને તે સમયે તે આત્મ-ગુણોનો ઘાત કરનારાં થવાનાં છે તો તેવાં કર્મો વડે થતા આત્મગુણોના થતા ઘાતથી બચવા શું પુરૂષાર્થ કરવો જોઇએ ?

ઘાતી કર્મ વડે આત્માના ગુણોના થતા ઘાતથી બચવા માટે એવું છે કે આત્મા પુરૂષાર્થ ફોરવે તો તે કર્મોના ઉદય સમયે આત્મા કેટલાક ગુણો પ્રગટ કરે છે. પણ તેની આવડત હોવી જોઈએ; અને આત્મા કેળવાયેલ હોવો જોઈએ. કેળવાયેલ આત્મા તે કર્મોને ક્ષાયોપશમીક ભાવે વેદે. ક્ષયોપશમ એટલે સર્વથી ક્ષય નહિ, પરંતુ એવા પ્રકારનો ક્ષય

કે જેમાં તે તે કર્મનાં દલિયાંને વિપાકોદયમાં ન આવવા દેતાં પ્રદેશોદયમાં વાળી દેવાનું બને છે. આથી તે કર્મ પોતાનો વિપાક એટલે કે પ્રભાવ બતાવી શકતું નથી. તેથી તે કર્મના પ્રભાવે આવરાઇ જતો આત્માનો ગુણ આવરાતો નથી; પણ પ્રગટ થાય છે. આત્મામાં ધર્મ બે પ્રકારના છે. (૧) ઔદયિક ધર્મ અને (૨) ક્ષાયોપશમિક ધર્મ.

કર્મના ઉદયથી જે ગુણ, જે ધર્મ પ્રગટે તે ઔદયિક કહેવાય, અને કર્મોના ક્ષયોપશથી જે પ્રગટે તે ક્ષાયોપશમિક ધર્મ કે ક્ષાયોપશમિક ગુણ કહેવાય.

ઔદયિક ધર્મથી આત્મામાં દુર્ગુણો તથા ગુણનો ઘાત કરનારા સંસ્કારો ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ, ગુસ્સો, અભિમાન, કપટ, કામ, હાસ્ય, શોક વીગેરે દુર્ગુણો છે. તેમ જ અજ્ઞાન નિદ્રા, દુર્બલતા, અલાભ વીગેરે ગુણોનો ઘાત કરનારા છે. આ બધાની ઉત્પત્તી ઘાતી કર્મના ઉદયથી થાય છે. જ્યારે જ્ઞાન, દર્શન, ક્ષમા, મૃદુતા, સમ્યકૂત્વ વીગેરે સદ્ગુણો છે. તે સદ્ગુણોની પ્રાપ્તિ તે જ ઘાતીકર્મના ક્ષયોપશમથી થાય છે. મિથ્યાદ્રષ્ટી આત્મામાં ઘાતીકર્મના ઉદયથી ઔદયિક ધર્મો પ્રાપ્ત થાય છે અને તે પરંપરાએ સંસારવૃદ્ધિનું કારણ બને છે. જ્યારે સમ્યગ્દ્રષ્ટી આત્મા ઘાતી કર્મને ક્ષાયોપશમિક ભાવે વેદે છે, એટલે તેનામાં ક્ષાયોપશમિક ગુણો પ્રાપ્ત થાય છે. એટલે ઘાતીકર્મ ક્ષયોપશમ ભાવે વેદવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. અહીં પુરૂષાર્થ ફોરવવા તરીકે પંચાચારનું પાલન, કષાયોની ભયાનકતા વિષેનું વાંચન, શ્રવણ અને ચિંતવન, સદ્ભાવનાઓ,

કષાયોના કટુ વિપાકોના દ્રષ્ટાન્તોનો ખ્યાલ, ક્ષમા–મૃદુતા સરલતા વગેરેની મળેલી તક, ઈત્યાદિ કરવાની જરૂર છે અને એ બધા ક્ષયોપશમના ઉપાયો છે.

પ્રથમ કહેવાઇ ગયું કે કર્મનો ઉદય થવાનો સમય ન થયો હોય એટલે કે નિયત અબાધાકાળની પૂર્ણતા થયા પહેલાં કર્મ ઉદયમાં આવ્યું હોય તેને ઉદીરણા કહેવાય. ઉદીરણા થવી એટલે કાચી મુદતે હુંડી પકવવા જેવી દશા છે; યાતો ધીમે ધીમે પાંચ વરસે દશ લાખ ભરપાઇ કરવાના બદલે એકી સાથે દશ લાખ ભરપાઈ કરવા જેવી દશા છે. શક્તિશાલીને એટલે કે એકી સાથે દેવું ચૂકવી શકનાર માટે મુદત પાકયા પહેલાં પણ દેવું ચૂકવી દેવું એ સારી દશામાં દેવામાંથી મુક્ત થવા જેવું છે. એ રીતે વેદવાની તાકાતવાળાને ઉદીરણા–એ વહેલી તકે કર્મમુક્ત થવાની તક (ચાન્સ) પ્રાપ્ત કરવા જેવું છે.

સહન કરવાની તાકાત વિનાનાને ઉદીરણા તો ઉલટી બમણાં બંધાવનારી બને છે. ઉદીરણા સ્વવડે યા તો પરવડે એમ બન્ને પ્રકારે થાય છે. વેદવાની તાકાતવાળા સમ્યગ્‌દ્રષ્ટિ આત્માઓ કર્મના દેવામાંથી વહેલા મુક્ત થવા માટે જાણી જોઈને ઉદીરણા કરે છે, અને ઉદીરણા વડે ઉદયમાં લાવેલાં કર્મોને સમતાભાવે ભોગવી તેની નિર્જરા કરે છે. એ રીતે સહન કરવાની તાકાત વિનાના કેટલાકને અણઈચ્છાએ પણ ઉદીરણા ઉપસ્થિત થાય છે, અને એવા સમયે આર્ત્ત–રૌદ્ર ધ્યાન થવા વડે તે નવાં અશુભકર્મો ઉપાર્જન કરે છે. એવી ઉદીરણા કેટલીક વખત બીજા વડે પણ પ્રાપ્ત

થાય છે. એ રીતે વહેલી મુદ્દતે ભોગવાતાં અન્ય કર્મની જેમ ઉદીરણા કહેવાય તેમ વહેલી મુદ્દતે આયુષ્ય ભોગવાઈ જવાને ઉપક્રમ કહેવાય છે. કર્મને ઉપક્રમ–ઉદીરણા ન માનીએ તો "આ સુખદેનારો અને દુઃખ દેનારો છે" એવું રહે જ નહિ અને હિંસા જેવી ચીજ ઉડી જાય. કર્મના કારણોથી ફેરફાર ન થતો હોય તો દુઃખ દેનારને દુઃખ દેનારો કહેવાય જ નહિ અને તેમાંથી બચાવનારને દુઃખથી બચાવનારો પણ કહેવાય નહિ. રક્ષણ કરનારને કહીયે છીયે કે તારૂં ભલું થજો કે તેં મને વિપત્તિમાંથી બચાવ્યો. આ બધું કયારે કહેવાય કે ઉદીરણા માનીએ તો. ઘડીયાળને ચાવી ચોવીસ કલાકની હોય. ઠેસ ખસેડીયે તો જે ક્રમે ક્રમે ઉતરવાની હતી તે આખી ચાવી સેંકડમાં ઉતરી જાય છે. એ રીતે જે કર્મ ક્રમે ક્રમે ભોગવવાનું હતું તે પ્રયત્ન થયો તેથી જલદીથી ભોગવાઈ ગયું. વિપત્તિ કરનારે કર્મને જલ્દી ભોગવવાનું કર્યું. વળી કોઈએ ઠેસ ખસેડતાં રોકી તો ઘડીયાળ ચાલુ રહી. એ રીતે વિપત્તિને રોકનાર અંગે સમજવું. ઉદીરણા યા ઉપક્રમ થવાના હેતુ જોડાતા હોય તેને ખસેડી નાખે તે બચાવનારા કહેવાય. અને હેતુ ઉપસ્થિત કરનારા તે દુઃખ દેવાવાળા કહેવાય. આ બધું ઉદીરણા માનીએ તો જ કહેવાય.

સહન નહિ કરવાની તાકાત વિનાનાને ઉદીરણા સમયે રક્ષણ કરવાનો હેતુ જોડનાર જોઈએ. સહન કરવાની તાકાતવાળાને જરૂર નથી. ઇંદ્રે ભગવાન મહાવીરને આપત્તિમાં રક્ષણ કરવા માટે સાથે રહેવા વિનંતી કરી. પ્રભુએ કહ્યું કે તીર્થંકરો કોઈની મદદ લેતા નથી કેમકે

વહેલું આવે યા તો સમય પરિપકવ થયે ઉદયમાં આવે તો પણ વેદવાની તાકાત હતી. ઉદયમાં આવેલું કર્મ ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું છે કે પૂર્ણકાળે ઉદયમાં આવ્યું છે તે તો જ્ઞાનીઓ જ કહી શકે. ઉદય આવવાની મુદત કાચી હોય તો કદાચ બચાવ કરાવનારનો ઉપાય ચાલે, પણ પૂર્ણકાળે ઉદયમાં આવ્યું હોય તો તો તેનાથી કોઈ બચાવ ન કરી શકે. મુદ્દત થયા પહેલાં ઉઘરાણીએ આવનારને તો લોકો કહે કે અત્યારે એની તાકાત નથી અને એને બિચારાને હેરાન કરે છે એમ કહી ઉઘરાણી કરવા આવનારને પાછો કાઢે. પણ મુદ્દત પૂરી થયે ઉઘરાણીયે આવનારને પાછો ન ઠેલાય. પછી તો લેણદાર મિલકત ઉપર ટાંચ લગાવરાવીને પણ વસૂલ કરે જ.

જિનેશ્વર દેવના શાસનને જાણનાર–સમજનારના આત્મામાં પણ અન્ય જીવના સંરક્ષણની ભાવના રહેલી છે. કર્મ ઉદયમાં આવેલું છે તે તો તેને ભોગવવું જ પડશે, આપણા પ્રયત્નથી તેનું સંરક્ષણ થવાનું જ નથી, આવી એકાંત સમજણ હોય તો તો સંરક્ષણનો પ્રયત્ન નિષ્ફળ જ માને અને પ્રયત્ન કરે જ નહિ. પણ દયાળુ આત્મા સંરક્ષણનો પ્રયત્ન કરે જ. ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું હોય તો તેના સંરક્ષણનો પ્રયત્ન કદાચ સફળ પણ થઈ જાય અને પૂર્ણકાળે ઉદય આવ્યું હોય તો પ્રયત્નની નિષ્ફળતામાં ભવિતવ્યતાને માને. માટે ઉદીરણા માનીએ તો જ ઉદ્યમની સાર્થકતા રહેશે. ઉદીરણા નહીં મનાય તો ઉદ્યમની પણ જરૂરિયાત ઉડી જશે.

ઈચ્છાએ યા અણઈચ્છાએ, સ્વવડે યા પરવડે થતી

ઉદીરણા સમયે સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ તો ~~એમ જ વિચારે~~ કે સહન કરવાની તાકાત નથી છતાં ફળદેનાર કર્મો વડે હવે મુંઝાવું નકામું છે. સત્તામાં હતાં તો ભોગવવાનું બન્યું. આજે સહન કરવાની તાકાત નથી પણ કદાચ આથીયે વધુ કમતાકાતના સંયોગોમાં ઉદય આવશે તો આથી પણ વધુ ખરાબ દશા થશે. માટે હવે તો ઉદીરણા થવાના હેતુને ખસેડવાના પ્રયત્નો કરવા જ નથી. કદાચ અત્યારે તેવા હેતુને ખસેડાશે પણ પુનઃ જ્યાંસુધી કર્મ સત્તામાં હશે ત્યાં સુધી તેવા હેતુઓ ઉપસ્થિત નહીં થાય તેની શું ખાતરી ? માટે હવે તો સમભાવ કેળવી ભોગવી લેવું એજ હિતકારક છે.

કલ્યાણકારી કાર્ય કરનારને નિશ્ચય હોય છે કે ક્રમસર આવેલાં વિઘ્નોને ભોગવીશ એટલુંજ નહિ, પણ ઉદયમાં નહી આવેલાને પણ લાવીને તોડી નાખીશ, અને તે પ્રમાણે તેના પ્રયત્નો કરતો રહીશ. અનુક્રમે ઉદયમાં આવેલાં કર્મોને તો ચારે ગતીના જીવો ભોગવે છે. મનુષ્ય ગતિમાં ધર્મ પામ્યા, ધર્મનું આચરણ કરવાની સ્થિતિમાં આવ્યા; ત્યારે પહેલેથી અનુદય કર્મ ખેંચી લાવી નાશ કરવાનો ઉદ્યમ કરવાનો છે. દરેક ગતિવાળાને અબાધાકાળ જાય ત્યારે જેમ જેમકર્મ ઉદયમાં આવે છે તેમ તેમ ભોગવાતાં જાય છે, પણ મોક્ષ માટે તૈયાર થયેલો જીવ જુદો વિચાર રાખે. એની મેળે ઉદય આવે તેજ મારે ભોગવવાં તેમ નહીં પણ ઉદયમાં આવવાનાં હોય તેને પણ ઉદયમાં લાવવાં કે જેથી તે મારી આધીનતાએ રહે અને તે કર્મો તૂટી જાય. એ કાર્ય કેવળ સમકિત સમજદાર ધર્મ કરવાવાળો જ કરી શકે. કર્મોનો

ઉદય ન હોય તો લાવવો, કે જે ઉદય પોતાના ગુણોને બાધા કરનારો ન રહે. શત્રુને પડકાર કરવો તે ક્ષત્રિયનું કાર્ય છે, પણ ક્ષત્રિયે શત્રુ કરતાં સવાઈ તૈયારી કરવી જોઈએ.

નિર્જરાઃ—

પૂર્વબદ્ધ કર્મ દલીકોમાં જેમ ફેરફાર થઈ શકે છે તેમ તેનો ક્ષય પણ થઈ શકે છે. ઉદ્વર્ત્તન–અપવર્તન–સંક્રમણ અને ઉદીરણાનું સ્વરૂપ તે કર્મ દલીકોમાં ફેરફાર થવા રૂપ છે, પણ ક્ષય થવા રૂપે નથી. ક્ષય થવા રૂપે હોય તેને તો નિર્જરા કહેવાય છે. નિર્જરાનો પ્રયત્ન આત્મામાં ન હોય તો કર્મ દલીકો પ્રતિ સમયે આત્મામાં વૃદ્ધિ પામતાં જ જાય અને તેથી કર્મથી સર્વથા છૂટકારો થવા રૂપ મોક્ષ પ્રાપ્તિ સંભવી શકે જ નહિ. આ જીવ સમયે સમયે આયુષ્ય સિવાય સાતે કર્મ બાંધે છે. આમ સમયે સમયે આત્મામાં કર્મ પ્રવાહ ચાલુ જ છે. એક સમય પણ આત્માની સ્થિતિ કર્મ પ્રવાહ વીનાની નથી. તો પછી સાથે સાથે નિર્જરાનો પ્રયત્ન પણ આત્માએ ચાલુ રાખવો જ જોઈએ. મકાનમાં હંમેશાં પવનને અંગે ધૂળ આવ્યા કરે છે, પણ સાથે સાથે વાળવા–ઝાપટવાનું કામ ચાલુ હોય તો ધૂળના થર જામવા પામે નહિં.

અહીં નિર્જરા એટલે પૂર્વબદ્ધ કર્મનો ધીમે ધીમે ક્ષય કરવો. સર્વથા ક્ષય કરવા રૂપ નિર્જરાતો છેલ્લા મરણ સમયે એટલે કેવલી મરણ સમયે હોય, તેવી નિર્જરા કર્યા બાદ તો ફેર કર્મ વળગે નહિ, કર્મની ફરી ફરી નિર્જરા કરવી પડે નહિ. આવી નિર્જરા નહિ થવા પામે ત્યાં

સુધીમાં પણ કર્મનો ધીમે ધીમે ક્ષય કરવા રૂપ નિર્જરા આત્મામાં ચાલુ હોય તો સર્વથા ક્ષય થવા રૂપ નિર્જરાની પ્રાપ્તિ પણ ભવિષ્યમાં થઈ શકે છે.

નિર્જરા તે કર્મથી છૂટવા માટે છે. કર્મથી બે પ્રકારે છૂટી શકાય, કાંતો એ કર્મ ભોગવી લેવાય તો છૂટી શકે, અને કાંતો તપસ્યાથી ભોગવાય તો છૂટાય.

માત્ર ભોગવીને જ છુટકારો થતો હોય તોતો જગતમાં કોઈ પણ જીવ એવો નથી કે જે સમયે સમયે કર્મની નિર્જરા નહી કરતો હોય! પછી ન્હાય તે સૂક્ષ્મ નિગોદનો હોય કે ન્હાય તે ચૌદમા ગુણસ્થાનકે પહોંચેલો હોય. સર્વે જીવ સમયે સમયે કર્મની નિર્જરા કરે છે. કોઈ પણ સંસારી જીવ આઠે કર્મના ભોગવટા વીનાનો હોતો નથી. આથી જેટલાં કર્મો જીવ ભોગવે છે તેટલાં ત્રુટે છે. આનું નામ પણ નિર્જરા છે. પરંતુ માત્ર આવી ભોગવટાની નિર્જરાથી મોક્ષનો માર્ગ મળતો નથી. મોક્ષનો માર્ગ તો બાર પ્રકારના તપથી થતી કર્મની નિર્જરાથી જ મળશે. જો ભોગવટાની નિર્જરાથી મોક્ષ મળતું હોત તો તો જીવ રખડતો હોત શાનો? કેમકે એવી નિર્જરા તો આ જીવ અનાદિકાળથી કરતો રહ્યો છે, માટે શાસ્ત્રકારોએ મોક્ષ માટે જે નિર્જરા કહી છે તે ભોગવટાથી થતી નિર્જરા નહીં પણ બાર પ્રકારના તપથી કરાતી નિર્જરા છે. ઉદયની એટલે ભોગવટાની નિર્જરામાં તો પાછો જીવ નવાં કર્મ તો બાંધતો જ જાય છે. એટલે ભોગવટાથી થતી નિર્જરામાં નિર્જરા અલ્પ છેઃ બંધ વધારે છે, સજ્જડ છે.

મોક્ષ માટેની નિર્જરા તો એવી હોવી જોઈએ કે કર્મો ત્રુટે ઘણાં અને બંધાય થોડાં. મોક્ષ માટે તેજ નિર્જરા ઉપયોગી છે. આ બાર ભેદે નિર્જરા કરનારને મોક્ષ મેળવવામાં મુશ્કેલી પડતી નથી. બાર પ્રકારના તપની એકેક નિર્જરામાં અનંતા ભવોનાં પાપો ક્ષય કરવાની સત્તા છે. શક્તિ છે. તે માટે જૈન શાસ્ત્રમાં અનેક દ્રષ્ટાંતો દર્શાવ્યાં છે. ઘોર પાપોથી ભારભૂત બનેલા અર્જુનમાલી–દ્રઢ પ્રહારી વીગેરે પુરૂષોએ તપશ્ચર્યાથી જ ક્ષણવારમાં નિર્જરા સાધી છે.

## પુરૂષાર્થ :—

ઉદ્વર્ત્તન–અપવર્ત્તન–સંક્રમણ ઉદીરણા અને નિર્જરાનું સ્વરૂપ આત્માને પુરૂષાર્થના પ્રેરક રૂપ છે. કર્મના અનાદિ કાળના સંયોગે આ જીવે નરક–નિગોદાદિનાં અનંત દુઃખ અનુભવ્યાં છે. કર્મ જડ છે, આત્મા ચેતન છે. જડના યોગે ચેતન દુઃખ પામ્યો છે અને હજુ પણ જ્યાં સુધી જડનો સંયોગ છે, રહેશે ત્યાંસુધી દુઃખ પામશે. વાસ્તવિક સુખની પ્રાપ્તિ એ જડ કર્મોનો સંયોગ દૂર કરવાથી જ થશે. અને તે સંયોગોનો વિયોગ પુરૂષાર્થ કરવાથી જ થશે. કર્મ એ જબરજસ્ત ચીજ છે. તેના ઉપર કાબુ મેળવવો તે પુરૂષાર્થ વિના શક્ય નથી.

આત્મામાં અનંત વીર્ય રહેલું છે. ઘર્ષણ વિના ઉદ્યોત થતો નથી. ગંધકમાં રહેલો અગ્નિ ઘર્ષણથી પ્રગટે છે. આત્મમાં અનંત શક્તિ–વીર્ય હોવા છતાં ક્ષયોપશમનું ઘર્ષણ ન થાય ત્યાં સુધી વીર્ય પોતાનું કામ કરી શકે નહિ.

જે આત્મા પોતાની જવાબદારી અને જોખમદારી ઉપર મજબુત રહે, સ્વીકારે તેજ મોક્ષને માટે લાયક બની શકે છે.

જે આત્મા જવાબદારી–જોખમદારી સુદ્રઢપણે સ્વીકારે છે, તે આત્મા કર્મને પોતાથી વધારે સમર્થ માનતો નથી; કર્મથી વધારે સમર્થ પોતાને (આત્માને) અર્થાત્ પોતાના (આત્મીય) ઉદ્યમને માને છે.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે : " જેઓ કર્મવાદી છે (કર્મ આત્માથી વધારે સમર્થ છે એમ માનનારા છે) તેમનો સંસાર એક પુદ્ગલ પરાવર્ત્ત કરતાં વધારે હોય છે. અને જેઓ પુરૂષાર્થવાદી છે તેમનો સંસાર એક પુદ્ગલ પરાવર્ત્ત કરતાં પણ ઓછો હોય છે."

પુરૂષાર્થવાદી કદી પણ " કર્મ કરે તે ખરૂં, ભાગ્યમાં હશે તે બનશે, ભાવિભાવ, જેવો ઉદય, વિગેરે નિર્માલ્ય વચનો બોલે જ નહિ. પુરૂષાર્થ વિના સિદ્ધિ નથી. સમ્યકત્વ પામીએ તે વખતે પામતા પહેલાંના સમયે તો મિથ્યાત્વ હોય છે. અનંતાનુબંધી કષાયોને તોડાય ત્યારે તે મિથ્યાત્વ જાય છે અને સમ્યકત્વ પમાય છે. કેવલજ્ઞાન પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોને તોડીને (ક્ષય કરીને) મેળવાય છે. મોક્ષ મેળવવા માટે પણ અવશેષ કર્મોનો ક્ષય કરવો પડે છે પ્રયત્ન વિના કદી પ્રગતિ થતી નથી. જૈનશાસ્ત્રનું એ જ વિધાન છે. ગ્રંથિ (રાગ દ્વેષની નિબિડ ગાંઠ) આવે ત્યાં સુધી જૈનશાસ્ત્રમાં યથા પ્રવૃત્તિ કરણ માનવામાં આવે

છે. તે યથા પ્રવૃત્તિ કરણ સુધી ભવિતવ્યતા છે. પછી પ્રયત્ન વિના ચાલે તેમ નથી. સમ્યકત્વમાં કંઈ ભવિતવ્યતાએ અનંતાનુબંધીનો ભેદ થતો નથી પણ ત્યાં તો અપૂર્વકરણ દ્વારા–અત્યંત વિર્યોલ્લાસરૂપ અપૂર્વ પ્રયત્ન થાય ત્યારે બને છે.

વરસાદ તો દાણા પેદા કરે : રોટલો કરવા માટે તો જાતે પ્રયત્ન કરવો પડશે. રોટલો પણ વરસાદ કરી આપશે એમ ધારનાર તો ભૂખ્યો જ રહેશે. તેમ ભવિતવ્યતાનું કામ યથા પ્રવૃત્તિ કરણ સુધી છે : પછી જેઓ પોતાનું જીવન ભવિતવ્યતાને જ ભળાવી બેસી રહે તેઓને મોક્ષ મળવાનો નથી અને તેઓ કામ ભોગના કાદવમાં વધારે ખુંચવાના છે. કામ ભોગમાં ખુચનારાઓ જ માત્ર ભવિતવ્યતાના ભરોષે રહે છે.

દેશ વિરતિ, સર્વ વિરતિ, ઉપશમ શ્રેણી યાવત્ મોક્ષ ગમન સુધીમાં સર્વત્ર આત્માનો પુરૂષાર્થ પ્રવર્ત્તમાન છે. જો એકલી ભવિતવ્યતા ભાગ્ય વિધાતા હોત તો તો મોક્ષ સુધી યથા પ્રવૃત્તિ કરણ હોત, પણ તેમ નથી.

ગ્રંથિભેદ પછી આત્માને વીર્યોલ્લાસ જોઇએ. જૈનશાસ્ત્ર ભવિતવ્યતાને નહીં માનવાનું કહેતું નથી પણ વાસ્તવિક રીતે માનવાનું કહે છે. જૈનોની ભવિતવ્યતાની માન્યતાનો ઉપયોગ સમજવો ખાસ જરૂરી છે. જ્યારે આત્મા સંકલ્પ વિકલ્પથી આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં જાય છે, ત્યારે તેને બચાવવા ભવિતવ્યતાનો સહારો આપવાનું જૈન દર્શનમાં વિધાન છે. ભવિતવ્યતા (બનવાનું બને છે) તરફ ખેંચીને

હેતુ તો તે આત્માને રૌદ્ર ધ્યાનથી (તેનાથી થનાર કર્મ-બંધનથી–દુર્ગતિથી) બચાવવાનો છે. સમ્યગ્ દર્શનાદિ ધર્માનુષ્ઠાનમાં ભવિતવ્યતાને આગળ કરવાનું (ભવિતવ્યતાના બહાને ધર્મ ધ્યાનાદિથી પાછા હઠવાનું–તે નહિ કરવાનું) જૈનશાસનમાં વિધાન નથી પણ શ્રી તીર્થંકર દેવનાં વચનામૃતો શ્રવણ કર્યા બાદ, પરિસ્થિતિ જાણ્યા બાદ પણ કર્મનું કાસલ કાઢવામાં આળસ નહિ જ હોવી જોઈએ. ત્યાં બનવાનું હશે તે બનશે' એમ ભવિતવ્યતાનો ઉપયોગ નથી. ત્યાં તો પુરૂષાર્થ ફોરવવાનો સતત ઉપદેશ છે, મજબુત ઉપદેશ છે.

કાર્ય સિદ્ધિમાં જૈન દર્શન પાંચ કારણ માને છે. ભવિતવ્યતા, કર્મ, નિયતિ, કાળ તથા પુરૂષાર્થ (ઉદ્યમ) આ પાંચેમાં કરવાનું છે તે એકજ, અને તે ઉદ્યમ. ઉદ્યમ જેમ કારણ છે તેમ બાકીનાં ચાર પણ કારણો છે. તેમ છતાં તેમાં મુખ્યતા પુરૂષાર્થ (ઉદ્યમ)ની છે. કાલ–સ્વભાવ વીગેરે કોઈનાં કર્યાં થતાં નથી પણ જીવ કરી શકે તો ઉદ્યમ છે. જેને સાચો પુરૂષાર્થ કરવો નથી તેઓ તો સ્વબચાવને માટે કહે છે છે કે:—"ધારેલું કરવામાં, નહિ કરવામાં કે પલટાવવામાં દુનીયા કોઈ સમર્થ નથી. જે ભાવિ હોય તેજ થાય છે. ભવિતવ્યતા જ બળવાન છે, એ તો કરતા હોય તે કરવું, આપણને કાંઈ લાગતું વળગતું નથી. થવાનું છે તે તો ગમે તેમ કરો તો પણ થવાનું જ છે."

હવે જો ભવિતવ્યતા જ આધારભૂત હોય તો તમામની ભવિતવ્યતા ભિન્ન ભિન્ન કેમ છે? ત્યાં તો માનવું

જ પડશે કે જેવો આત્માનો પ્રયત્ન તેવી ભવિતવ્યતા ઘડાઈ. આત્માનો પ્રયત્ન સારો હોય તો ફળરૂપ ભવિતવ્યતા સારી, આત્માનો પ્રયત્ન નરસો હોય તો ફળરૂપ ભવિતવ્યતા નરસી, આથી સિદ્ધ થાય છે કે ભવિતવ્યતાતો બિચારી પાંગળી છે. જ્યાં સુધી જીવ કર્મ ન બાંધે ત્યાં સુધી ભવિતવ્યતાની તાકાત નથી કે જીવને કોઈ પણ ગતિમાં લઈ જઈ શકે. એટલે ભવિતવ્યતા પેદા થવામાં પણ જીવનો ઉદ્યમ (પુરૂષાર્થ) જ કારણરૂપ છે. ભવિતવ્યતાના નિર્માણ થવા ટાઈમે પણ જીવનો ઉદ્યમ તો હોય જ છે. પણ મિથ્યાત્વના યોગે ત્યાં વિપરીત ઉદ્યમ હોય છે. એટલે પરંપરાએ સંસારની વૃદ્ધિ કરનારી ભવિતવ્યતાનું તે નિર્માણ કરે છે. સાચો ઉદ્યમ કે સાચા પુરૂષાર્થનું તેને જ્યાં સુધી ભાન ન હોય ત્યાં સુધી સ્વઉદ્યમદ્વારા ભવિતવ્યતાનું નિર્માણ થતું હોવા છતાં પણ જવાબદારી ભવિતવ્યયતાને જ સોંપે છે. ભવિતવ્યતા, કાળ કે સ્વભાવ એ પુરૂષાર્થથી બહાર છેઃ તે પુરૂષાર્થનો વિષય નથી. પુરૂષાર્થનો વિષય તો કર્મો કરવાં, ભોગવવાં, યાતો મોક્ષનાં કારણો પ્રાપ્ત કરી છેવટે મોક્ષ મેળવવો એજ છે. હિંસા, જૂઠ, ચોરી વીગેરે કર્મોદયથી બને છે, તેમાં ઉદ્યમ કરવાનું શ્રી જિનેશ્વર દેવે કહ્યું નથી પણ મોક્ષ માર્ગને અંગે ઉદ્યમ કરવાનું ભગવાને ફરમાવ્યું છે. મિથ્યાત્વ દશામાં જીવનો પુરૂષાર્થ કર્મો કરવામાં તથા ભોગવવામાં જ થાય છે. અને મિથાત્વ નષ્ટ થયે છતે મોક્ષનાં કારણો મેળવવામાં પુરૂષાર્થ થાય છે. અને તે કારણોમાંથી જ મોક્ષની પ્રાપ્તિ થવા રૂપ કાર્ય સિદ્ધ થાય છે.

જેમ કેટલાક જવાબદારી ભવિતવ્યતાને ભળાવી દે છે તેમ કેટલાક જાણે પોતે દોષરહિત હોય તેમ કર્મને દોષ આપે છે. પણ અહીં વિચારીયે તો સમજાય કે કર્મ જડ કે ચેતન? કર્મ થયું કયાંથી? કર્મ કોઈનું કર્યું થયું કે આપો આપ ફૂટી નીકળ્યું? માનવું જ પડશે કે કર્મનો કર્ત્તા પણ જીવ જ છે. કર્ત્તા છે તો પછી ભોક્તા તો છે જ. વૃક્ષના છોડવા કે અનાજ આપોઆપ ઉગતાં નથી. ફણગા પોતાની મેળે ફૂટી નીકળતા નથી, ઉગાડનાર ખેડુતના ઉદ્યમથી જ ઉગે છે. જો કે બીજ વીના ખેડુત વાવે શું? એટલે ખેડુત પણ જોઈએ, બીજ પણ જોઇએ, અને વૃષ્ટિ સાધન પણ જોઇએ. તેમ છતાં પણ ખેતરનો માલીક તો ખેડુત જ કહેવાશે. જો કે બીજમાંથી અનાજ પેદા થાય છે પણ પેદા કરનાર તો ખેડુત જ ગણાશે. સામગ્રી બધી છતાં વાવવું કે નહી વાવવું, થોડી જમીન વાવવી કે બધી વાવવી, અનાજ વાવવું કે બીજું કંઈ વાવવું, કયું અનાજ વાવવું, આ તમામ માટે જવાબદાર–જોખમદાર ખેડુત છે. આ ઉપરથી સમજવું જોઇએ કે આત્મ વિકાસ સાધવો હોય તો ભવિતવ્યતાના ભરોષે નહિ બેસી રહેતાં આશ્રવ (કર્મ આવવાના માર્ગ) રૂપ પુરૂષાર્થથી દૂર રહી સંવર (આવતાં કર્મને રોકવાના માર્ગ) તથા નિર્જરા (પૂર્વ-બદ્ધ કર્મને ક્રમેક્રમે ક્ષય કરવો) રૂપ પુરૂષાર્થમાં આત્માએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. મનુષ્યને દાંતની પ્રાપ્તિ–એ ભવિતવ્યતા કરાવનાર છે, પરંતુ ચાવવાનું કાર્ય ભવિતવ્યતા કરાવનારી નથી. તે તો ઉદ્યમથી જ થાય છે. એ રીતે

મનુષ્યભવાદિ સામગ્રી ભવિતવ્યતા અર્પનાર છે પરંતુ તે સામગ્રી વડે સંવર તથા નિર્જરા કરવી તે પુરૂષાર્થથી જ થાય છે. જ્યાં સંવર–નિર્જરા માટે પ્રયત્નની જરૂર છે ત્યાં ભવિતવ્યતાના ભરોષે રહેવું એ ભૂલ છે.

**કર્મનો ઉદય ભવિતવ્યતાને આધીન થઇ જાય પણ દર્શન–જ્ઞાન–ચારિત્ર એ રત્નત્રયીની આરાધના –સંવર તથા નિર્જરાનું પોષણ–આશ્રવ–બંધનું શોષણ એ તમામ ભવિતવ્યતા કરવાની નથી. ત્યાં તો આત્માએ પોતે પ્રયત્ન આદરવો પડશે.**

શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા કહે છે કે (પંચ વસ્તુ પૃષ્ઠ ૨૬–૨૭) બાદરપણું, ત્રણપણું, પર્યાપ્તપણું, પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, દેવગુરૂ ધર્મની જોગવાઈ, અને શ્રદ્ધા આદીની પ્રાપ્તિ થઈ છે પણ તે બધાની સફળતા પુરૂષાર્થથીજ છે. પુરૂષાર્થમાં જ કસોટી છે, ત્યાં પાછો પડે તો ખલાસ. ઉપરોક્ત તમામ વસ્તુની પ્રાપ્તિ છતે પણ આરાધના ન કરીયે તો પ્રયત્નની ખામી છે. સાધન દ્વારા પણ સાધ્ય સિદ્ધ ન કરાય તો સાધનની સાર્થકતા શી ?

નવાં કર્મો ન બાંધવાં, બાંધેલાં કર્મ તોડવાં તથા ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ કરવાના પુરૂષાર્થ વિના મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ નથી.

શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા કહે છે કે છેલ્લા પુદ્ગલ પરાવર્ત્તમાં આવેલો જીવ જ ઉદ્યમમાં કટીબદ્ધ હોય છે. પૂર્વ સંચિત અંતરાય કર્મ હોય ત્યાં સુધી કાર્ય

સિદ્ધિમાં સ્ખલનાઓ થાય પણ તે અંતરાય કર્મને તોડનારો ઉદ્યમ જ છે.

હવે એ ઉદ્યમ શું પ્રવૃત્તિમાં કરવો ? કેવી રીતે કરવો કે જેથી નવાં કર્મ ન બંધાય, બાંધેલાં તૂટતાં જાય અને ઉદયમાં આવેલાં નિષ્ફળ થાય તે વિચારીયે.

મોક્ષનો માર્ગ ઔપશમિક, ક્ષાયિક તથા ક્ષાયોપશમિક ભાવમાં છે. આ ત્રણે ભાવો ઉદ્યમથી જ સિદ્ધ થાય છે. આ ત્રણ ભાવોથી પણ ઘણા અજ્ઞાત હોય છે.

માનો કે દશ હજારનું દેવું ધરાવનાર ત્રણ આસામીઓ છે. તેમાંથી એકે તો આના પાઈ સાથે રોકડા ગણી દીધા અને તે ઋણ મુક્ત થયો.

બીજાએ રાજ્યમાં લાગવગ પહોંચાડી પોતાના ઉપર બાર માસ સુધી કોઇ પણ દાવો ન કરે, જપ્તિ ન લાવે, વારંટ ન કઢાવે તેવો હુકમ મેળવ્યો.

ત્રીજાએ ભેગા કરીને પોતાની પરિસ્થિતિ જણાવીને સમજાવી દીધા. કાંધાં કરી આપ્યાં.

એ જ રીતે આત્માના દર્શન–જ્ઞાન–ચારિત્ર ગુણો ઉપર કર્મોનું આક્રમણ થયું, હલ્લો આવ્યો. ત્યારે સંપૂર્ણ સામર્થ્યવાન આત્માએ તો કર્મનો છેદ કરી નાખ્યો. (નાણાંનગદ ગણી દીધાં). અને છૂટયો. તેણે આત્માના ગુણો જાજ્વલ્યમાન કર્યા: આનું નામ ક્ષાયિક ભાવ વાળો.

બીજા આત્માએ મુદ્દત લીધી. આનું નામ આપશમિક ભાવ.

ત્રીજા આત્માએ લેણદાર દેણદાર એકેનેય નુકસાન નહિ થાય તેવાં કાંધાનો રસ્તો કાઢયો. કર્મના રસને તોડે પણ ખરો. પુદ્ગલોને પણ રહેવા દે. આનું નામ ક્ષાયોપશમિક ભાવવાળો. જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ઉદય થાય ત્યારે તેના વિકારને તોડવામાં આવે તથા તેના પ્રદેશોને ધીમે ધીમે ભોગવવામાં આવે તેનું નામ ક્ષાયોપશમિક ભાવ. કર્મોને ધીમે ધીમે વેદવાં તે ક્ષાયોપશમિક ભાવ. ધર્મ આ ત્રણ ભાવોમાં છે. રત્નત્રયી આદી ધર્મ કે દાનાદિ ચતુષ્કરૂપી ધર્મ આ ત્રણ વાડી કે ઉપવનમાં રહેનારા છે. આ વાડી, આ ઉપવન પ્રયત્ન વીના બનનાર નથી.

મનુષ્ય ભવ, પંચેન્દ્રિયપણું આદી સામગ્રી ઔદયિક ભાવની છે. મોક્ષ સાધવા માટે એ સામગ્રીની આવશ્યકતા ખરી પણ એ બધી સામગ્રીની સફલતા ક્ષયોપશમભાવવાળાને ! અને તે પણ પ્રશસ્ત ક્ષયોપશમિક ભાવવાળાને. અત્યારે આપણને ક્ષાયોપશમિક તથા ઔદયિકભાવ એ બન્નેનો યોગ છે, પણ તે પ્રશસ્ત કોટીનો કેટલે અંશે છે અને અપ્રશસ્ત કોટીનો કેટલે અંશે છે એનો નિર્ણય યોગ્ય-વિચારણાથી સ્થૂલ રીતે તો આપણે પોતે જરૂર કરી શકીયે. અને એ રીતે પૃથક્કરણ કરવાની મહેનત ચાલુ રાખીયે તો એ દ્વારા પણ આપણે આપણા ઘણા વિકાસને સાધી શકીયે.

ક્ષયોપશમ ચાર ઘાતી કર્મનો થાય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો-વડે આત્માના અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતચારિત્ર અને

અનંતવીર્ય એ ચારે ગુણો અવરાએલા છે. એ ચારે ગુણો પ્રગટ થયા પછી અવ્યા બાધ, અક્ષય સ્થિતી, અરૂપીપણું અને અગુરૂ લઘુ એ ચારે ગુણોની પ્રાપ્તિ થવી સહજ છે. એટલે ચાર ઘાતી કર્મનો ક્ષયોપશમ સાધવો જોઈએ. એ ચારે કર્મનો ક્ષયોપશમ સાધવા માટે જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર–તપાચાર અને વીર્યાચાર એ પાંચે આચારના ભેદોનું જ્ઞાન સંપાદન કરી તે પાંચે આચારના ઉત્તરભેદોની આરાધનામાં ઉદ્યમી બનવું જોઈએ.

અને એ ભેદોનું જેમાં આરાધન થતું હોય તેવાં અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવાથી ચારે ઘાતી કર્મનો ક્ષયોપશમ ક્રમેક્રમે વૃદ્ધિ પામ્યે છતે અનંતજ્ઞાનાદિ ચાર ગુણો પ્રગટ થવા રૂપ ક્ષાયિક ભાવની સંપૂર્ણપણે પ્રાપ્તિ થાય છે.

અહીં એટલું તો ખાસ લક્ષમાં રાખવું જરૂરી છે કે પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ જ ક્ષાયિકભાવની પ્રાપ્તિરૂપ થાય છે. તે પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવની શરૂઆત સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણથી થાય છે. સમ્યગ્દર્શન ગુણ દર્શન મોહનીય કર્મના–ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે. અન્ય કર્મનો ક્ષયોપશમ પણ દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમનો મેળ તેની સાથે સધાય ત્યારે જ પ્રશસ્ત ક્ષયોપશમ ભાવને પામે છે. દર્શનમોહનીયના ક્ષયોપશમ પછીથી ચારિત્ર મોહનીયનો પણ સુંદર પ્રકારનો ક્ષયોપશમ થાય. પ્રશસ્ત ક્ષયોપશમિક ભાવની એ ઉચ્ચકક્ષા છે.

પ્રશસ્ત ક્ષયોપશમિક ભાવ વીના ઔદયિક ભાવની પણ કંઈ કિંમત નથી. ઔદયિક ભાવતો સ્હેજે પ્રાપ્ત થાય એવો છે. એવો ઔદયિક ભાવ આ જીવે સંસાર પરિભ્રમણમાં કેઈ વાર પ્રાપ્ત કર્યો હશે. સાથે ક્ષાયોપશમિક ભાવ પણ પ્રાપ્ત કર્યો હશે. આજના વિજ્ઞાનકારોએ મનુષ્યભવ–ધન–ધાન્યાદિ ઔદયિક ભાવની સામગ્રી હોવા સાથે મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષાયોપશમવડે અનેક શોધખોળોની પ્રાપ્તિ કરી. પણ દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમ વિના તે ઔદયિક અને ક્ષયોપશમિક ભાવની સાર્થકતા શી? તેવાઓને તો ઔદયિક ભાવનાના જોરે ક્ષયોપશમિક ભાવ પણ મલીન બનીને ઔદયિક ભાવને જ પુષ્ટ કરનારો બને છે. એટલે દર્શન મોહનિય કર્મના ક્ષયોપશમ વીના ઔદયિક ભાવ કે અન્ય કર્મનો ક્ષયોપશમિક ભાવ ક્ષાયિક ભાવની પ્રાપ્તિ રૂપે થતો નથી,

પ્રશસ્ત ક્ષયોપશમિક ભાવ પ્રગટ કરવા માટે ઔદયિક ભાવનું જોર પહેલું હઠાવવું જોઇએ. ઔદયિક ભાવ ઉપર અંકુશ તો પ્રશસ્ત ક્ષયોપશમિક ભાવ જ લાવી શકે છે. માટે ઔદયિક ભાવની પરાધીનતામાંથી છુટવાને માટે અને પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવની પ્રાપ્તિને અર્થે આત્માએ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ તરફ ખૂબ જ લક્ષ્યવાળા બનવું જોઈએ.

ઘણી વખત એવું પણ બને છે કે પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ પામવાની તીવ્ર ભાવના હોવા છતાં પણ

તદનુરૂપ અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી અને ઔદયિક ભાવના એટલી જોરદાર ન હોય તો પણ તદનુરૂપ અનુષ્ઠાનોમાં ઝટ પ્રવૃત્તિ થાય છે. એનું કારણ એ છે કે ઔદયિક ભાવનાને વેગ આપે, તેને અનુસાર પ્રવૃત્તિ કરાવે એવાં કર્મ આત્માને વળગેલાં છે. ત્યાં કર્મો જેમ સહાયક બને છે તેમ મોક્ષની સાધનામાં કર્મો અંતરાય કરનારાં પણ બને છે. મોક્ષની સાધના, ક્ષયોપશમની સાથે જ્યારે આત્માના પુરૂષાર્થનો યોગ થાય છે ત્યારે થઈ શકે છે. આત્માને પુરૂષાર્થ કરવામાં ઉત્સાહીત બનતાં અટકાવે અને આત્માના પુરૂષાર્થને તોડી પાડવાને માટે મથે એવોય કર્મોદય હોઈ શકે છે. એમ છતાં કર્મના જોરદાર ઉદયની સામે પણ આગળ ધપ્યે જવાનો પ્રયત્ન જારી રાખનારાઓ જરૂર ફાવી જાય છે.

કર્મના ઉદયને જાણીને વિચાર કરવો કે આ જેમ જોર કરે તેમ મારે આને તોડવાનો પ્રયત્ન કરવો. એમ કરતાં પડીયે જવાય, પાછાય પડાય, પણ એનો પ્રયત્ન જારી રાખવો.

કર્મનો ઉદય ગમે તેટલો જોરદાર હોય, તેમ છતાં પણ જે આત્મા ધીરજથી પોતાના પુરૂષાર્થને ચાલુ રાખે છે તે આત્મા જરૂર સફલતાને પ્રાપ્ત કરી શકે છે. મહેનત કરવા છતાંય તત્કાલ સફલતા ન મળે એ બધું સંભવીત છે પરન્તુ પ્રયત્ન જો બરાબર જારી રાખ્યો હોય તો ધ્યેય સિદ્ધ થયા વિના રહેજ નહીં.

જ્ઞાનાવરણીય કર્મના જોરદાર ઉદયમાં પણ એક ધારો બાર વર્ષ સુધી પ્રયત્ન ચાલુ રાખનાર માષતુષ મુની અનન્ત જ્ઞાની બન્યા હતા. "મા રૂષ, માતુષ" એટલાં જ પદો રટવા છતાં સ્મૃતિમાં નહીં રહેવાથી તેનું રટણ બે ચાર દહાડા, બે ચાર મહિના, કે બે ચાર વર્ષો સુધી નહીં પણ બાર વરસ સુધી ચાલુ રાખ્યું. માત્ર આટલાં જ પદોનું સતત રટણ કરવા છતાં યાદ નહીં રહેવાથી લોકો હાંસી કરવા લાગ્યા. નિન્દા કરવા લાગ્યા તો પણ મગજ ઉપરનો કાબુ ગુમાવ્યો નહીં, અને સમતારસમાં લીન બની રટવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો તો "**मारुष, मातुष**" એટલાં પદોનું જ્ઞાન તો શું, પરંતુ એ મહામુનીને જગતમાં જેટલા જીવ અજીવાદિ પદાર્થો છે તેનું અને તેના સર્વ પર્યાયોનું પણ સર્વ કાલીન જ્ઞાન થયું. બાકી જો એ વખતે પુરૂષાર્થ કરવામાં તેમને કંટાળો આવ્યો હોત અને જ્ઞાન પ્રત્યે જો દુર્ભાવ જાગ્યો હોત તો તેઓ કદાચ એથી પણ ઘોર પ્રકારના જ્ઞાનાવરણીય કર્મને ઉપાર્જનનારા બનત. નન્દિષેણ મુનીએ વેશ્યાને ત્યાં રહ્યે રહ્યે પણ બાર વર્ષોમાં એમણે પોતાના ચારિત્ર મોહનીય કર્મને નિર્બલ બનાવી દેવાને માટે રોજ દશ દશને પ્રતિ બોધીને ત્યાગી બનાવવાનો ક્રમ જાળવી રાખ્યો હતો. એટલે જેને પોતાનું કર્મ જોરદાર લાગતું હોય તેમણે એ કર્મને નબળું પાડી દેવાના પ્રયત્ન કરવા જ જોઈએ. પ્રયત્ન વિના સિદ્ધિ નથી. શ્રી જિનેશ્વર દેવનું વચન ભવિતવ્યતા, કાલ, નિયતિ, અને કર્મ એ ચાર કારણો માટે આરીસા રૂપ છે તથા ઉદ્યમ માટે તો રણસિંહ રૂપ છે.

## પુરૂષાર્થ વડે થતી નિર્વાણની પ્રાપ્તિ :—

જન્મ મરણની ઘટમાળમાંથી જીવન મુક્ત કરી સંસારના દુઃખમાંથી એને છોડવી નિર્વાણને માર્ગે આત્માને લઈ જવા માટે ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ રૂપ પુરૂષાર્થની જ આવશ્યકતા છે. નિર્વાણને માટેનો માર્ગ લાંબો અને કઠણ છે. જેટલો પુરૂષાર્થ વિશેષ તેટલો નિર્વાણનો માર્ગ નજીક છે. એ માર્ગના પ્રયાણમાં આગળ વધેલ આત્માનો વિકાસ સમજવા માટે જૈનશાસ્ત્રમાં ચૌદ સોપાન બતાવ્યાં છે. એ સોપાને ચઢતાં ચઢતાં નિર્વાણ (મુક્તિ) પ્રાપ્ત થાય છે. સોપાનને ગુણસ્થાનક કહેવાય છે.

જે જે સ્થાને પૂર્વે પ્રાપ્ત થયેલ ગુણથી કંઈક વિશેષ ગુણ પ્રગઢ થાય તે તે સ્થાનને ગુણસ્થાનક કહેવાય છે.

સંસારી જીવો કર્મ સંયુક્ત છે, છતાં બધા સંસારી જીવ એક જ શ્રેણીના છે એમ ન કહી શકાય. સંસારી જીવોમાં પણ કર્મભેદ પર્યાયભેદ છે. આ કર્મભેદ સમજાવવાને સારૂ જ જૈન સિદ્ધાંતમાં ચૌદ ગુણસ્થાનક નિયોજ્યાં છે. જે થરોની અંદર થઈને અથવા જે પરિસ્થિતિઓની વચ્ચે થઈને ભવ્ય જીવો ધીમે ધીમે મુક્તિ માર્ગમાં આગળ વધે છે તે તે થર અથવા અવસ્થાનું નામ ગુણસ્થાનક છે. જન્મજન્માંતરના સુકૃતના બળે જે ભવી જીવ મોક્ષમાર્ગે વિચરવા તૈયાર થાય છે તેને ક્રમે ક્રમે ચૌદ ભૂમિકાઓ ઓળંગવી પડે છે, ચૌદ અવસ્થાઓમાંથી પસાર થવાનું

રહે છે. જૈનશાસનમાં એને "ચૌદ ગુણસ્થાનક" તરીકે ઓળખાવવામાં આવ્યાં છે.

કર્મનો એવો અજબ મહિમા છે કે મોક્ષમાર્ગની સાધનામાં પણ અનેક પ્રકારની આંટીઘુંટી ઉભી કરે છે. એટલે કેટલીક વખત ગુણસ્થાનકરૂપ અવસ્થામાં આગે વધેલ આત્મા પાછો પણ પડી જાય છે. એમ ચડન–પડન કરતાં ખરેખરો ધીર, દ્રઢચિત્ત, સહનશીલ સાધક, મોક્ષમાર્ગના એ કંટકોને–દુઃસહ કર્મવિપાકને અવિચલિતપણે વેદતો થકો ક્રમે ક્રમે આગળ વધે છે. કર્મબંધન જેટલાં કઠોર છે તેટલો જ આ મોક્ષમાર્ગ આકરો છે.

ચૌદ અવસ્થારૂપ ચૌદ ગુણસ્થાનક પૈકી કોઈને કોઈ એક ગુણસ્થાનકને વિષે સંસારી જીવ માત્ર અવસ્થિત હોય છે. વિકાસની દ્રષ્ટિએ એક કરતાં બીજું ગુણસ્થાનક અધિક ગુણનું સ્થાનક છે. ચૌદ ગુણસ્થાનક એ મોક્ષ મહેલની સીડીમાં ચૌદ પગથીઆં રૂપ છે. સ્વવીર્ય ફોરવતો જ આત્મા એ પગથીઆં વટાવતો આગળ ધપે છે. તે ચૌદ ગુણસ્થાનક- નાં નામ આ પ્રમાણે છે.

(૧) મિથ્યાદ્રષ્ટિ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અસંયત (૫) દેશસંયત (૬) પ્રમત્ત (૭) અપ્રમત્ત (૮) અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મ સંપરાય (૧૧) ઉપશાંત કષાય (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગી કેવલી (૧૪) અયોગીકેવલી. મિથ્યા દર્શન નામે કર્મના ઉદયથી જીવ મિથ્યા તત્ત્વને વિષે શ્રદ્ધા રાખી રહે, સત્ય તત્ત્વની

જિજ્ઞાસા ન રાખે તે મિથ્યાદ્રષ્ટિ નામે પ્રથમ ગુણસ્થાનક છે.

મિથ્યાદર્શન કર્મનો ઉદય ન હોય પણ અનંતાનુબંધી કર્મના ઉદયથી જીવને સમ્યગ્ દર્શન ન હોય, સમ્યગ્ દર્શનથી પતિત થાય તે સાસ્વાદન નામે બીજું ગુણસ્થાનક છે. સમ્યક્ મિથ્યાત્વ ( મિશ્ર ) નામે કર્મના ઉદયથી જીવનું દર્શન કેટલેક અંશે મલીન અને કેટલેક અંશે શુદ્ધ હોય તે મિશ્ર નામનું ત્રીજું ગુણસ્થાનક છે.

અપ્રત્યાખ્યાન કષાયના ઉદયને લીધે જીવ સમ્યક્ત્વ સંયુક્ત હોવા છતાં અવિરતિ રહે તે અસંયત નામનું ચોથુ ગુણસ્થાનક છે.

પ્રત્યાખ્યાન કષાયના ઉદયથી જીવ કેટલેક અંશે સંયત અને કેટલેક અશે અસંયત રહે છે તે દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક છે.

પ્રત્યાખ્યાન કષાયનો ઉદય ક્ષીણ બનવાથી જીવ સંપૂર્ણ પણે સંયત બને, છતાં એમાં પ્રમાદ રહી જાય તે પ્રમત્ત સંયત નામનું છઠ્ઠું ગુણસ્થાનક છે.

એ પછી સંજ્વલન નામે કષાય મન્દથવાથી પૂર્ણ સંયત જીવ પ્રમાદના પંજામાંથી છૂટો થઈ જાય તો તે અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનકે પહોંચે.

સાતમા ગુણસ્થાનકે રહેલ અપ્રમત્ત મુની સંજ્વલન કષાયોનો અથવા નોકષાયોનો ઉદય અત્યન્ત મન્દ થતાં, પૂર્વે નહિ પ્રાપ્ત થયેલ એવા અપૂર્વ પરમ આલ્હાદ–આનંદમય પરિણામ–આત્મ પરિણામરૂપ કરણ પામે તે અપૂર્વકરણ ગુણસ્થાનક છે.

એ ધ્યાન ખૂબ ખૂબ વૃદ્ધિ પામતું થતું મોહકર્મ સમૂહના સ્થૂલ અંશોને ક્ષીણુ કરે યા ઉપશમાવે ત્યરે જીવ અનિવૃત્તિ કરણુ નામના નવમા ગુણુસ્થાનકે આરૂઢ થાય. એ રીતે કષાયો પાતળા પાડતો જીવ સૂક્ષ્મ કષાય ગુણુસ્થાને પહોંચે. અહીંયાં સૂક્ષ્મ લોભ માત્રનો જ ઉદય હોય છે. સર્વ પ્રકારના મોહ ઉપશાંત થતાં જીવ જે ગુણુસ્થાનકે આવે તે ઉપશાન્ત મોહ ગુણુસ્થાનક છે.

મોહનો સમુહ સંપૂર્ણપણે ક્ષય પામે તે ક્ષીણુ મોહ ગુણુસ્થાનક છે. તે પછી ચાર પ્રકારનાં ઘાતીકર્મ સંપૂર્ણપણે ક્ષય પામતાં જીવને નિર્મલ એવું કેવલજ્ઞાન ઉપજે તે સયોગી કેવલી નામનું તેરમું ગુણુસ્થાનક છે.

સર્વ પ્રકારના કર્મક્ષય પહેલાંની અત્યલ્પક્ષણ વ્યાપી જે અવસ્થા તે ચૌદમું ગુણુસ્થાનક છે. એનું નામ અયોગી કેવલી. અહીંયાં કર્મનો સંબંધ પૂરો થાય છે. પછી એ આત્મા બધી જંજાળમાંથી મુક્ત થઈ ને વિશ્વને શિખરે ચઢે છે. જેમ કાચબો બધા મળથી મુક્ત થતાં ડુબીને જમીન ઉપર જતો નથી, પણુ પાણીની સપાટી ઉપર તરે છે, તેમ ચૌદ ગુણુસ્થાનકથી પર થયેલો આત્મા નિખિલ કર્મ સાથે સંસ્પર્શથી અલગ થઈ લોકાકાશના શિખરે સિદ્ધ શિલાની ઉપરે બિરાજે છે. ત્યાંએ અનંત નિત્ય સુખ ભોગવે છે;, એની સુભગ શાંન્તિમાં કશાથી ભંગ થતો નથી; મોહ અને ઘટમાળમાં એ ફરી પડતો નથી, એની શક્તિ અને જ્ઞાન છતાં પણુ સંસારમાંથી શુદ્ધ થયેલો તે આત્મા ફરી ભૌતિક સંબંધ બાંધતો નથી.

સમાપ્ત.